

કહાન સંવત-૧૧ □ (૫૬૭) ❊ આત્મધર્મ ❊ (અંક-૭ વર્ષ-૪૭) □ વીર સં. ૨૫૧૭ જાન્યુઆરી, ૧૯૯૧




* હે જીવ! જબતક તૂ નિર્મલ આત્મસ્વભાવકી ભાવના નહીં કરતા, તબતક મોક્ષ નહીં પા સકતા. અબ જહાં તેરી ઇચ્છા હો વહાં જા. ૨૫૮. (શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા–૨૭)

* પુષ્કળ, મોટા, ચંચળ વિકલ્પરૂપ તરંગો વડે ઊઠતી આ સમસ્ત ઇન્દ્રજાળને જેનું સ્ફુરણ માત્ર જ તત્ક્ષણ ભગાડી મૂકે છે તે ચિન્માત્ર તેજઃપુંજ હું છું. ૨૫૯. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ–૯૧)

* હે જીવ! રાગાદિ મલરહિત આત્માકો છોડકર તૂ દૂસરે તીર્થકો મત જાવે, દૂસરે ગુરુકો મત સેવે, અન્ય દેવકો મત ધ્યાવે, અર્થાત્ અપના આત્મા હી તીર્થ હૈ. વહાં રમણ કર, આત્મા હી ગુરુ હૈ, ઉસકી સેવા કર, ઔર આત્મા હી દેવ હૈ, ઉસકી આરાધના કર; અપને સિવાય દૂસરેકા સેવન મત કર. ૨૬૦.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.–૧, ગાથા–૯૫)

* સર્વ તત્ત્વોમાં જે એક સાર છે, જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે, જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે, જે પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે, જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે, જે સુખસાગરનું પૂર છે અને ક્લેશોદધિનો કિનારો છે, તે સમયસાર (શુદ્ધ આત્મા) જયવંત વર્તે છે. ૨૬૧. (શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૫૪)

કહાન
સંવત-૧૧
વર્ષ-૪૭
અંક-૭
[ ૫૬૭ ]

વીર
સંવત
૨૫૧૭
સં. ૨૦૪૭
JAN.
A.D. 1991




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# તું પરમાત્મા છે—એમ નક્કી કર

[ શ્રી પરમાત્મ-પ્રકાશ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં-૨૮ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રના પ્રથમ અધિકારની ૪૨મી ગાથા ચાલે છે.

ભગવાન આત્મા અસદ્‌ભુત વ્યવહારનયથી દેહમાં રહેલો છે પણ દેહથી ભિન્ન છે પરંતુ પરમ સમાધિના અભાવને કારણે હરિહરાદિ પણ આત્માને પ્રત્યક્ષ જોઈ શકતા નથી. પરમ સમાધિ એટલે વીતરાગદશા કે જેના ફળમાં તે જ ભવે મોક્ષ થાય એવી સમાધિનો અભાવ છે.

પરમાત્મસ્વરૂપ, શુદ્ધ આનંદકંદ ચૈતન્ય વસ્તુ-ભગવાન આત્મા શરીરથી જુદો છે અને શરીર-માટી, ધૂળ તે પરમાત્મસ્વરૂપ વસ્તુથી ભિન્ન છે. છતાં આત્મા આ દેહમાં વસે છે એમ કહેવું તે અનુપચાર અસદ્‌ભુત વ્યવહારનયનું કથન છે. અસદ્‌ભુત એટલે એ દેહમાં ખરેખર આત્મા નથી અને અનુપચાર કહીને આ શરીર જેટલા ક્ષેત્રમાં આત્મા છે તેનાથી બહાર નથી એમ બતાવવું છે. કોઈ એમ કહે કે આ મહાન આત્મા આખા લોકમાં સર્વત્ર વ્યાપેલો છે તો અહીં કહ્યું કે એમ નથી. આત્મા શરીરપ્રમાણ ક્ષેત્રમાં રહેલો છે. તેનાથી બહાર આત્માનું ક્ષેત્ર નથી. અસદ્‌ભુત એટલે જૂઠી નયથી એમ કહેવાય કે આત્મા આ દેહમાં વસેલો છે. ખરેખર ચૈતન્ય એ જડ દેહમાં વસતો નથી પણ શરીરનું નિમિત્ત દેખીને એમ કહેવાય છે.

હરિ એટલે વિષ્ણુ અને હર એટલે શંકર, આવા ચતુર પુરુષોએ પણ પૂર્ણ-

આનંદથી ભરેલા આત્માને પ્રત્યક્ષ જાણ્યો નથી. કેમ કે વીતરાગ નિર્વિકલ્પ પરમ સમાધિ-રૂપ મહાતપ વિના આત્મા પ્રત્યક્ષ થતો નથી. જેની જગતમાં બીજી જોડ નથી એવા અદ્વિતિય આનંદરૂપ પરમસુખામૃતરસ કે જેનો અનુભવ પરમ શાંતિભૂત છે એવા મહાતપ વિના આત્મા પ્રત્યક્ષ થાય તેમ નથી.

જુઓ! આ તપસ્યાની વ્યાખ્યા! આમાં કેટલા ઉપવાસ કરીએ તો તપ થવાનું કહ્યું? ભગવાન આત્મા તો ચિદાનંદસ્વરૂપ, આનંદની મૂર્તિ, વીર્યનું બળ, પ્રભુતાનો પરમેશ્વર, અરે! અનંત શક્તિના સામર્થ્યનો પરમેશ્વર છે. તેને દેહમાં રહેલો કહેવો તે તો જૂઠી નયનું કથન છે. ભેદાભેદ રત્નત્રય વડે પણ તે પ્રાપ્ત થાય તેવો નથી. હરિ-હરાદિએ વ્યવહારરત્નત્રય આદિનું સાધન તો કરેલું પણ જે નિર્વિકલ્પ પરમ સમાધિ--રાગ રહિત વીતરાગી શાંતિ સમાધિરૂપ તપસ્યાથી આત્માનું પ્રત્યક્ષ ભાન થાય તે હરિહરોએ કરેલું નથી તેથી તેને આત્માનું પ્રત્યક્ષ જ્ઞાન નથી.

હરિ-હરાદિ મહાપુરુષોને આત્મા, સ્વસંવેદનથી તો પ્રત્યક્ષ છે પણ પરમ-સમાધિરૂપ તપસ્યા કે જેમાં ઘણી જ નિર્જરા થાય, ઘણી અશુદ્ધતાનો નાશ થઈને શુદ્ધતા પ્રગટ થાય તેવું તપ કર્યું નથી તેથી અનંત આનંદ અનુભવમાં આવ્યો નથી. જેમ શેરડીના કૂચા રસથી ભરેલા છે તેમ આ ચિદાનંદની કાતળીમાં આનંદરસ ભર્યો છે તે દેહના કૂચામાં રહેલો છે, તેનો પરમ સમાધિરૂપ ધ્યાન વિના પૂર્ણ અનુભવ થતો નથી તેથી પૂર્ણદશા પણ થતી નથી.

હરિ-હર આદિ એટલે વાસુદેવ, ચક્રવર્તી આદિ જે થાય છે તે સમ્યગ્દર્શન-જ્ઞાન સહિતના પુણ્યથી એવી પદવીને પામે છે. એકલા મિથ્યાદૃષ્ટિને તો એવું પુણ્ય હોતું જ નથી. એ વાત અહીં સિદ્ધ કરવી છે.

જેણે પૂર્વે નિશ્ચય-વ્યવહાર-રત્નત્રયની આરાધના કરી છે એટલે કે શુદ્ધ ચૈતન્ય-મૂર્તિ આત્માનું જ્ઞાન, અનુભવ કર્યો છે અને સાથેના વ્યવહારરત્નત્રય એટલે દેવ-શાસ્ત્ર-ગુરુની યથાર્થ શ્રદ્ધા, નવ તત્ત્વોનું જ્ઞાન અને પંચમહાવ્રતના બરાબર પાલન વડે પુણ્ય ઘણું બાંધ્યું હોય તેમાં, અજ્ઞાનભાવથી એવું નિદાન બાંધી લીધું કે હું જગતનો વલ્લભ થાઉં. નિદાન એટલે કરેલી ક્રિયાના ફળમાં હેતુ બાંધી લે છે કે આ શુભક્રિયાના ફળમાં હું જગતને પ્રિય બનું, જે મને દેખે તેને હું પ્રિય લાગું એવું નિદાન બાંધીને જ આ વાસુદેવ આદિ થયેલા હોય છે.

શ્રોતા :—એકવાર સમ્યગ્જ્ઞાન થયા પછી આવો ભાવ ક્યાંથી આવ્યો?

પૂજ્ય ગુરુદેવ :—અહીં એ જ બતાવવું છે કે અનુભવ થયા પછી પણ મિથ્યાત્વ

આવી શકે છે. અખંડ ધારાનું આરાધન ન કરે ત્યાં સુધી અધૂરો છે, ફરી જાય છે એ વાત સિદ્ધ કરી. તેના પુણ્ય સિદ્ધ કરી તેણે પરમ સમાધિ પ્રાપ્ત કરી નથી એ બતાવવું છે.

આવા જીવો પુણ્યના ફળમાં સ્વર્ગમાં જઈ, ત્યાંથી આવી, મનુષ્ય થઈ, ત્રણ ખંડના સ્વામી થાય છે તે હરિ છે. શ્રીકૃષ્ણ, લક્ષ્મણ એ વાસુદેવ—હરિ હતાં. આત્માની વ્હાલપ મૂકી, જગતની વ્હાલપ લેવાનો ભાવ આવ્યો તેના ફળમાં આ પદવી પામ્યા છે. તેને ભોગ ઘણાં હોય, પાપ ઘણું બંધાય. પૂર્વે આત્મભાન હતું તેની સાથે પુણ્ય ઘણું બાંધ્યુ હતું પણ જ્યાં નિદાન બાંધે છે ત્યાં દૃષ્ટિ પલટાય જાય છે અને સાથેના પુણ્યનું ફળ ભોગવે છે.

માટે, અહીં એ કહેવા માગે છે કે કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી જાગૃત રહેજે.

કૃષ્ણ, લક્ષ્મણ વગેરે વાસુદેવોને પુણ્યનો પાર ન હોય. લક્ષ્મણ અને રામ, રાવણને જીતવા જાય છે. ત્યાં રાવણની શક્તિ લાગતાં લક્ષ્મણને મૂર્છા આવી જાય છે. ત્યારે રામ શું કહે છે તે બધું અમે નાનપણમાં મોઢે કરેલું, ઉઠ ને ભાઈ લક્ષ્મણ! તારા વિના આ રાવણને કોણ જીતશે! આપણે ત્રણ જણા આવ્યા હતાં અને ઘરે હું એકલો જઈશ તો માને શું જવાબ દઈશ! 'ભાઈ મર્યે ભવ હારીએ ને બેન મર્યે દિશ જાય, નાનપણમાં જેની મા મરે એને ચારે દિશાના વા' વાય લક્ષ્મણ ઉઠને!' આવું બધું ગાઈને રામ વિલાપ કરે છે. ત્યાં કોઈએ વિશલ્યા નામની રાજકન્યાને યાદ કરી કે જેના નાઈને નીકળેલાં પાણીથી મૂર્છિત માણસની મૂર્છા ઉતરી જાય. એ કન્યાએ પૂર્વે ઘણું પુણ્ય કરેલું. પૂર્વે ચક્રવર્તીની દીકરી હતી તેને કોઈએ ઉપાડી જઈને વનમાં મૂકી દીધેલી ત્યાં વર્ષો આમ ને આમ વીતવ્યાં. એકવાર અજગરે તેને મોઢામાં લીધી એ જ વખતે ચક્રવર્તી ત્યાં આવી પહોંચ્યા અને અજગરને મારવા તૈયાર થઈ ગયા ત્યાં કન્યા કહે છે કે પિતાજી! એને મારો નહિ, હું તો બહાર નીકળીશ તોપણ આહાર-પાણી લેવાની નથી. મારે તો તો સમાધિ મરણ કરવું છે, અને તરત અજગર કન્યાને ગળી ગયો. આ કન્યાના આવા ભાવનું એવું પુણ્ય બંધાણું કે તે વિશલ્યા થઈ અને જ્યાં લક્ષ્મણ પાસે આવી ત્યાં તો લક્ષ્મણ આળસ મરડીને ઊભા થઈ ગયા. કેટલાયના ઘા રૂઝાઈ ગયા. પછી તો લક્ષ્મણે તેની સાથે લગ્ન કર્યાં.

જુઓ! આ બધાં પુણ્યના ફળ! આ બધાં પૂર્વે ભેદાભેદ રત્નત્રયના આરાધનમાં બાંધેલા પુણ્યના ફળ છે. ભગવાન શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ અને અનુભવની સાથે જે રાગ રહી જાય છે તેનું આ ફળ છે. આ 'હરિ'ની વાત કરી. હવે 'હર'ની વાત કરે છે.

જેણે આ ભવમાં સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત જિનદીક્ષા લીધી હોય અને સમાધિના બળથી પુણ્યબંધ કર્યો હોય પછી પૂર્વકૃત ચારિત્રમોહના ઉદયથી વિષયોમાં લીન થઈ જાય, ઉગ્ર સમાધિ, શાંતિ પ્રાપ્ત ન કરી કે જેના ફળમાં તુરત કેવળજ્ઞાન થાય એટલે મંદતાના કારણે ચારિત્રમોહના ઉદયમાં જોડાઈને પાંચ ઇન્દ્રિયના વિષયોમાં લીન થઈ જાય છે તેને રુદ્ર, હર અથવા શંકર કહેવાય છે.

તો શિષ્ય પ્રશ્ન કરે છે કે હરિ-હર આદિએ ભેદાભેદરત્નત્રયની આરાધના કરી છે સાથે આવા પુણ્ય બાંધ્યા છે એમ આપ કહો છો તો પછી પૂર્ણ આત્માનું સ્વરૂપ તેણે ન જાણ્યું એમ કેમ કહી શકાય?

શ્રીગુરુ કહે છે કે તારી વાત બરાબર છે હરિહરાદિએ નિશ્ચય-વ્યવહાર-રત્નત્રયની આરાધના કરી છે પણ જે વીતરાગ નિર્વિકલ્પ સમાધિથી તે જ ભવે મોક્ષ થાય એવી સમાધિ તેણે પ્રાપ્ત કરી ન હતી તેથી પૂર્ણ આત્માની પ્રાપ્તિ તેને થઈ નથી. ધ્યાન વડે જે પૂર્ણતા શાંતિ સુખ પ્રાપ્ત થાય એ ધ્યાનની ઉગ્રતા તેણે ન કરી, પૂર્ણ રત્નત્રય પ્રગટ થયા નહિ તેથી પૂર્ણ આત્માને જાણ્યો નહિ એમ કહ્યું છે.

જુઓ! અહીં કહે છે કે અધૂરું પાલવતું નથી; પૂર્ણ ન્યાલ થવાની વાત લાવો.

હરિહરાદિને નિશ્ચયરત્નત્રય તો હતાં સાથે વ્યવહારરત્નત્રય પણ હતાં. પણ જે નિશ્ચય અભેદ એકાકાર થઈને તત્કાળ કેવળજ્ઞાન લાવે એવી વીતરાગ નિર્વિકલ્પ સમાધિ ન હતી તે અપેક્ષાએ તેને અધૂરું અને ઓછું કહેવામાં આવ્યું છે.

ભગવાન આત્મા, અંદરમાં પૂર્ણ શાંત રસથી ભરેલો પિંડ છે, એકલો વીતરાગ -અકષાય સ્વભાવનો પિંડ-પૂતળી છે. તેને પ્રગટ કરવા માટે જેટલી અકષાય શાંતિ-સમાધિની ઉગ્રતા જોઈએ એટલી ન હતી તેથી એમ કહ્યું કે તેણે પૂર્ણ રીતે આત્માને જાણ્યો નથી.

તમારે ત્યાં પરમાત્મપ્રકાશ છે કે નહિ? નહિ હોય...પૈસા તો છે ને! પૈસા તો ઘણાં સંઘરે છે પણ પુસ્તક રાખતા નથી. આ તો તૈયાર કરીને મૂકેલાં લહલહતા લાડુ છે. લ્યો આ લાડવા...ખાવ હવે...ખાવા માંડો.

મુમુક્ષુ:—લાડવા પચવા જોઈએ ને!

પૂજ્ય ગુરુદેવ:—અરે, ન પચે એવી વાત જ નથી. પહેલાં પણ આવો પ્રશ્ન આવ્યો હતો તો, કીધું કે ન પચે એવું લાગતું હોય ને તો, હોજરીને તૈયાર કરો. પચાવવાની

તાકાત પ્રગટ કરો ! સાધારણ ગરીબ માણસ પણ રોજ રોટલી ખાતો હોય અને એક દિવસ મીઠાઈ ખાવા મળે તો શું ના પાડે છે ? હોજરી તૈયાર કરે છે ને ! અરે, પહેલાં પૈસા થોડાં હતાં અને હવે વધી ગયા છે તો પચી ગયા કે નહિ ?

આત્મા એક સમયમાં પરમાત્મા થવાની તાકાતવાળો છે તેને ઓછી તાકાતવાળો માને છે તેને દ્રવ્યના સ્વભાવની શ્રદ્ધા જ નથી. પહેલાં વસ્તુના સ્વભાવની શ્રદ્ધા તો કર ! પછી પુરુષાર્થ એટલો ન ઉપડે એ જુદી વાત છે પણ વસ્તુનો સ્વભાવ પૂર્ણ તાકાતવાળો છે તેની શ્રદ્ધા કર.

સ્ત્રી, પુરુષ, નપુંસકના લિંગને ન જુઓ, એની અંદર આત્મા બેઠો છે તે પૂર્ણ તાકાતવાળો છે. તેને નબળો માને છે તેને દ્રવ્યની સાચી શ્રદ્ધા જ નથી.

ભગવાન આત્મા જ્ઞાનથી ભરપૂર, બેહદ સ્વભાવથી ભરેલો છે તેને જેટલા જોરથી જાણીને તેમાં ઠરવું જોઈએ તેટલા જોરથી જાણીને ઠર્યો નહિ તેથી તેણે પૂર્ણ જાણ્યું નથી એમ અહીં કહેવા માગીએ છીએ. તેણે આત્માને નથી જાણ્યો એમ નથી કહેવું પણ જે ઉગ્ર તપ વડે સ્થિરતા થવી જોઈએ તે થઈ નથી. વસ્તુમાં તો પૂર્ણ સ્થિર થવું એવો જ સ્વભાવ છે પણ પર્યાયમાં જે ઉગ્ર જોર વડે સમાધિ શાંતિની સ્થિરતા પ્રગટ થવી જોઈએ તે થઈ નથી એટલી નબળાય છે તે અપેક્ષાએ આત્માને જાણ્યો નથી એમ કહ્યું છે.

રણે ચડયાં રજપૂત છૂપે નહિ...એક સાધારણ રજપૂત પણ ક્યાંય છૂપા ન રહે. તેની વીરતા કોઈ જુદી હોય. એક વાણિયાની જાનમાં સાથે એક રજપૂતને લીધો હતો જાન અડધે પહોંચી ને બહારવટિયા આવ્યા ત્યારે રજપૂત વાણિયાને કહે છે તમે બધાં એક બાજુ બેસી જાવ. મને સામો જવા દો. વાણિયા તો બેસી ગયા ને એકલો રજપૂત સામો જઈને કહે છે જુઓ ! હું છું રજપૂત, હું ટેં...ટેં કરનારો વાણિયો નથી, તમારે માથા મૂકવા હોય તો સામે આવી જાવ !... રજપૂતની વીરતા જોઈને જ બહારવટીયા ભાગી ગયા.

તેમ આત્મા વીરતા ..વીરતા...વીરતાથી ભરેલો વીર છે. પણ હરિહરોને પર્યાયમાં એટલી પૂર્ણ વીરતા પ્રગટી ન હતી કે તરત જ પૂર્ણતાને પામી જાય, એટલી પર્યાયમાં ખામી હતી તે અપેક્ષાએ એણે આત્માને જાણ્યો નથી એમ કહ્યું છે પણ સર્વથા જાણ્યો નથી એમ નથી. જેમાં પુણ્ય-પાપની ગંધ પણ નથી એવા શુદ્ધોપયોગ સ્વરૂપમાં લીનતા પ્રગટ કરી ન હતી તેથી વીતરાગ રત્નત્રયના ધારક યોગીઓ જેવી રીતે આત્માને જાણે છે તેવી રીતે હરિહરોએ જાણ્યો ન હતો. તદ્ભવ મોક્ષગામી યોગીઓ આત્મામાં

જેવું જોડાણ કરે છે તેવું જોડણ હરિહરોએ કર્યું ન હતું. તેથી પરમ શુદ્ધોપયોગની અપેક્ષાએ તેને આત્માને નહિ જાણનારા કહ્યાં છે.

જુઓ! પરમ શુદ્ધઉપયોગની અપેક્ષાએ કહ્યું છે હો! શુદ્ધ ઉપયોગ તો થયેલો છે પણ અબુદ્ધિપૂર્વકના રાગને પણ ટાળી નાંખે એવો પરમ શુદ્ધોપયોગ—સ્વરૂપમાં એકાગ્ર ધ્યાન તે થયું નથી તે અપેક્ષાએ હરિહરો આત્માને જાણતાં નથી.

સાક્ષાત્ પરમ ઉપાદેય શુદ્ધાત્માને તદ્‌ભવ મોક્ષગામી મુનિઓ જ આરાધી શકે છે. હરિહરો આવા આત્માને જાણી શકતાં નથી. સારાંશ એ છે કે આવો શુદ્ધાત્મા જ એક ધ્યાન કરવા લાયક છે.

પાવૈયાને પણ પાણી ચડી જાય એવી આ વાતો છે.

હવે આગળની ગાથામાં કહે છે કે કર્મ અને શરીર તો આત્મામાં નથી, પુણ્ય-પાપ ભાવ પણ આત્મામાં નથી એ તો ઠીક, પણ ઉત્પાદ્-વ્યયનું પરિણમન પણ આત્મામાં નથી એમ કહે છે, સમજાય છે આમાં!

જેમ સોનાના દાગીનામાં કડું ભંગાવીને કુંડલ બનાવે તો એ સોનાની જ પર્યાય છે—પર્યાય વગરનું સોનું ન હોય પણ કહે છે કે કડાની અવસ્થા ગઈ અને કુંડલની અવસ્થા થઈ તે-રૂપે સોનું નથી. સોનું તે ઉત્પાદ-વ્યયથી રહિત છે. તેમ આત્મદ્રવ્યમાં પરિણમન નથી. વસ્તુ તો ધ્રુવ થાંભલો છે. વસ્તુ ઉત્પાદ્-વ્યયના પરિણમન વિનાની છે.

પર્યાયાર્થિકનયથી વસ્તુ ઉત્પાદ્-વ્યયથી સહિત છે તોપણ દ્રવ્યાર્થિકનયથી ઉત્પાદ્ -વ્યયથી રહિત છે. વસ્તુ અંદરમાં છે...છે...છે...તે અનાદિ અનંત છે. તેમ આત્મા પણ એક વસ્તુ હોવાથી અનાદિ-અનંત દ્રવ્ય છે પણ અવસ્થાનું થવું અને જવું તે ધ્રુવમાં નથી.

આ તો બહુ ઝીણી વાત છે પણ તારાં ઘરની વાત છે હો ભાઈ! તારો ચિદ્‌ઘન આત્મા એકલો ધ્રુવ છે, કુટસ્થ છે, નિત્ય છે એકરૂપ છે જેમાં, ભાવ-અભાવ નથી. ભાવ એટલે પર્યાયનું ઉત્પન્ન થવું અને અભાવ એટલે પર્યાયનું નાશ થવું તે વસ્તુની અંદરમાં નથી. નવી અવસ્થા થવી અને જૂની નાશ પામવી એવું જે પર્યાયનું પરિણમન તેનાથી વસ્તુ રહિત છે. દ્રવ્ય-વસ્તુ સદા નિત્ય...નિત્ય ધ્રુવ છે.

તીર્થંકરદેવોએ દેહમાં રહ્યાં છતાં પણ નિર્વિકલ્પ સમાધિના બળે આવા નિત્ય એકરૂપ દ્રવ્યને જોઈ લીધો છે.

અસદ્‌ભૂત વ્યવહારનયથી આત્મા દેહમાં રહેલો છે તે વાત આગળ આવી ગઈ.

હવે સદ્‌ભૂત વ્યવહારનયથી આત્મા ઉત્પાદ-વ્યયથી સહિત છે તે કહે છે. દ્રવ્યાર્થિકનય તે નિશ્ચય છે અને પર્યાયાર્થિકનય તે વ્યવહાર છે. વ્યવહાર નથી એમ નથી પણ વ્યવહારને લીધે નિશ્ચય છે એમ નથી. રાગ પણ વ્યવહાર છે અને પર્યાય પણ વ્યવહાર છે. તે રાગ કે પર્યાયને લઈને દ્રવ્ય છે એમ નથી. વ્યવહારને લીધે નિશ્ચય છે એમ નથી.

તું અનાદિ-અનંત ચૈતન્ય છો કે નહિ? શરીર અને કર્મ તો ઘણાં આવ્યા અને ગયા તેની વાત રહેવા દે. અંદરમાં પુણ્ય-પાપ ભાવ પણ ઘણાં થઈ ગયા પણ તે તું નહિ. તું તો અનાદિ-અનંત ધ્રુવ દ્રવ્ય છો, અને તારી વર્તમાન દશામાં ઉપજવું -વિણસવું થાય છે તે જ ખરો વ્યવહાર છે. તેથી જ એક ન્યાયે, પર્યાયને અભૂતાર્થ કહી છે. ભૂતાર્થમાં પર્યાય નથી છતાં આશ્રય કરનાર એ પર્યાય જ છે.

પર્યાયનું લક્ષ કરતાં ભેદ પડે છે માટે તે વ્યવહાર છે. તે વ્યવહાર હોય છે પણ તેનો અર્થ એવો નથી કે વ્યવહાર વડે નિશ્ચય પમાય છે. કોઈ એમ કહે કે આશ્રય તો પર્યાયે કર્યો ને!—હા. આશ્રય પર્યાય કરે છે પણ આશ્રય કોનો કર્યો?—કે દ્રવ્યનો પર્યાય તો તેમાં અભેદ થઈ જાય છે તે નિશ્ચય છે પણ દૃષ્ટિની પર્યાયનો વિષય તો એકલો ભૂતાર્થ છે. ભૂતાર્થનો આશ્રય કરે છે ત્યારે તે વિષય બને છે પણ પર્યાયના આશ્રયે ભૂતાર્થ વિષય બનતો નથી તેથી કહ્યું છે કે વસ્તુ ધ્રુવ...ધ્રુવ...ધ્રુવ છે. તેમાં પરિણામ નથી. કોઈ આવી વાત કરે તો લોકોને બેસે નહિ પણ લોકોને ક્યાં ખબર છે! દ્રવ્યમાં પરિણમન ક્યાં છે! દ્રવ્ય-વસ્તુ અપરિણામી છે. પર્યાયમાં પરિણમન છે, દ્રવ્યમાં નથી.

બાપુ! આ તો બાદશાહના ઘર છે. સાધારણ બાદશાહના ઘરે જવું હોય તો પણ સરખાં-વ્યવસ્થિત થઈને જવું પડે છે, તો આ તો ત્રણલોકનો બાદશાહ-આત્મા પોતે છે. એકલો ધ્રુવ...ધ્રુવ...ધ્રુવ છે તેનું લક્ષ કરનારી ભલે પર્યાય છે પણ ધ્રુવમાં તે પર્યાય નથી. આ તો પરમાત્મપ્રકાશ છે અને તેમાં પણ પર્યાયમાં પરમાત્મા છે તેની વાત નથી, આ તો દ્રવ્યપરમાત્માની વાત ચાલે છે.

જોકે આત્મા ઉત્પાદ-વ્યયથી પરિણત છે તોપણ, દ્રવ્યાર્થિકનયથી આત્મા ઉત્પાદ-વ્યયથી રહિત છે. એકરૂપ ધ્રુવ ચિદાનંદ વસ્તુ પરિણમન વગરની છે. આહાહા... આ વાત બધાંને બેસે કે નહિ? કેમ ન બેસે! બધાં આત્મા છે ને! મને આ વાત નહિ બેસે એવું ઊંડું શલ્ય જ એને બેસવા દેતું નથી. લાડવા બનાવવા હોય તો એકલા લોટના બને કે સાથે ઘી અને ગોળ પણ જોઈએ! તેમ આમાં પણ બધું સમજવું પડશે.

આત્મા એકલો વીર્યનો પિંડ છે, જ્ઞાનનો ગંજ છે–પૂંજ છે, જેમાંથી અનંત કેવળજ્ઞાન ચાલ્યા આવે છે. આત્મા એટલે અનંત આનંદ કે જેમાંથી અનંત આનંદ ચાલ્યો આવે છે. એવો જે ધ્રુવ છે તે પરિણમન રહિત છે.

દ્રવ્યાર્થિકનય એટલે જે જ્ઞાનને જોવાનું પ્રયોજન ધ્રુવનું છે, જે જ્ઞાનની પર્યાય ધ્રુવને જોવા માગે છે તે ધ્રુવમાં પરિણમન નથી. આ આત્મા અનંત ગુણથી કેળવાયેલો પિંડલો છે. તેમાં તેની નિર્મળ અવસ્થાનું પરિણમન પણ વસ્તુમાં નથી. ક્ષાયિક સમકિતની પર્યાય, યથાખ્યાત ચારિત્રની પર્યાય, કેવળજ્ઞાન એ કોઈ પર્યાય વસ્તુમાં નથી. સંસાર પર્યાયનો વ્યય અને કેવળજ્ઞાનનો ઉત્પાદ ધ્રુવમાં નથી. પર્યાય તો વ્યવહાર છે.

આહાહા...! જિનવરદેવોએ અનાદિ-અનંત ધ્રુવ વસ્તુને દેહમાં રહ્યાં છતાં દેહથી રહિત જોઈ લીધી છે. ધ્રુવને જોઈ લીધો છે હો! એક સમયમાં આખા દ્રવ્યને ભગવાને જોઈ લીધો છે. વ્યવહારના પક્ષવાળા એમ કહે કે ભગવાને જોઈ તો પર્યાયને! વ્યવહારે કામ કર્યું ને! વ્યવહારથી નિશ્ચય પમાય છે ને!...અરે ભાઈ! તું શું કહે છે! દ્રવ્યની દૃષ્ટિ થઈ તેમાં ખરેખર તો દ્રવ્યથી દ્રવ્ય પમાય છે એવો ન્યાય નીકળે છે.

ધ્રુવ સત્ ચિદાનંદ પ્રભુ આત્મા સિદ્ધસ્વરૂપ છે. પર્યાયમાં સિદ્ધ થાય એટલી વાર છે. વસ્તુ તો સિદ્ધસ્વરૂપ જ છે. અનાદિ-અનંત દ્રવ્ય તો સિદ્ધ જ છે. પરમાત્મા જ છે. એવા અનંતા પરમાત્મા બિરાજે છે.

મોક્ષ થાય ત્યારે પરમાત્મા દેખાય, દેહરહિત થાય ત્યારે દેહરહિત આત્મા જણાય એમ નથી. ઉગ્ર નિર્વિકલ્પ સમાધિ વડે અહીં જ દેહમાં રહ્યા છતાં આત્મા જાણી લીધો છે, જોઈ લીધો છે, ખરેખર તો આત્મા દેહના સંબંધથી રહિત છે છતાં જૂઠી નયે દેહના સંબંધમાં રહ્યો છે તે વખતે પણ વીતરાગ શાંતિ દ્વારા ધ્રુવને જોઈ લીધો છે.

આહાહા...ગજબ વાત છે ને! આત્મા પરિણમન વગરનો છે. ત્રિકાળ એવો ને એવો ધ્રુવ આત્મા તું પોતે છો તેનો તું વીતરાગ નિર્વિકલ્પ સમાધિ વડે અનુભવ કર!

જુઓ! શિષ્યને પણ ગુરુ આવો અનુભવ કરવાનું કહે છે. ભગવાન! પણ અમે તો પંચમઆરામાં જન્મ્યા છીએ ને! હરિહરો જે ન કરી શકયા એવું તદ્ભવ-મોક્ષગામીને યોગ્ય કાર્ય તમે અમને કરવાનું કહો છો? ગુરુ કહે છે કે એ બધી વાત તું રહેવા દે, કામ કરવા માંડ. [ક્રમશઃ]

# 卐 ચિંતામણિરત્ન : અનુભવ 卐

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૬ )

આ, શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ચાલે છે. ૧૬ માં શ્લોકથી અનુભવનો અધિકાર શરૂ થયો છે. બીજી અનેક વાત તો બનારસીદાસજી કહેશે, પણ આ આત્માના આનંદનો અનુભવ તે ધર્મ છે અને એ અનુભવ કેમ પ્રાપ્ત થાય તે માટે અનુભવનો અધિકાર પણ અહીં કહ્યો છે. બનારસીદાસજી કહે છે કે, શુદ્ધ નિશ્ચયનય, શુદ્ધ વ્યવહારનય અને મોક્ષમાર્ગમાં કારણભૂત આત્માનુભવની ચર્ચાનું હું વર્ણન કરું છું.

वस्तु विचारत ध्यावतैं मन पावै विश्राम।
रस स्वादत सुख उपजै, अनुभौ याको नाम ॥१७॥

આત્મપદાર્થનો વિચાર અને ધ્યાન કરવાથી ચિત્તને જે શાંતિ મળે છે તથા આત્મિકરસનો આસ્વાદ કરવાથી જે આનંદ મળે છે તેને જ અનુભવ કહે છે. આ અનુભવની વ્યાખ્યા થઈ.

આખો અનુભવનો અધિકાર કહેવો છે ને! સારમાં સાર વાત આ છે. શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્માનો વિચાર અને ધ્યાન કરતાં મનને શાંતિ મળે છે અને તેનો રસ ચાખવો એટલે શુદ્ધ ચૈતન્યને અનુસરીને આનંદનો સ્વાદ લેવો તેનું નામ અનુભવ છે.

અમે નાના હતા ત્યારે બાજુવાળા મામા ગાતા તે અમે સાંભળતાં–' અનુભવીને એટલું રે, આનંદમાં રહેવું રે, ભજવા પરિબ્રહ્મને, બીજું કાંઈ ન કહેવું રે...'

અહીં કહે છે કે, આત્મા શક્તિના સત્ત્વ તત્ત્વસ્વરૂપે પરમાત્મસ્વરૂપ જ છે, સત ચિદાનંદસ્વરૂપ છે. સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદસ્વરૂપ વસ્તુને અનુસરીને આનંદના વેદનમાં આવવું તેનું નામ અનુભવ છે.

अनुभव चिंतामनि रतन, अनुभव है रसकूप।
अनुभव मारग मोखकौ, अनुभव मोख सरूप ॥१८॥

પુણ્ય-પાપથી રહિત સતચિદાનંદ ચૈતન્યસ્વરૂપ આત્માને અનુસરીને આનંદનું વેદન–અનુભવ કરવો તે ચિંતામણિરતન છે; બાકી તો બધાં ધૂળના રતન છે. કરવાનું હોય તો આ એક કરવાનું છે.

ચિંતામણિ એટલે એક એવો પથ્થર થાય છે કે જે દેવ-અધિષ્ઠિત હોય છે, પુણ્યને કારણે જેની પાસે તે પથ્થર હોય તે જે ચિંતવે તે વસ્તુ તેને પ્રાપ્ત થાય છે. એ તો જડ છે. અહીં કહે છે કે આ આત્મા પોતાના જ્ઞાન, આનંદ આદિથી ભરેલું તત્ત્વ છે તેનો અનુભવ કરવો તે ચિંતામણિરત્ન છે. પુણ્ય-પાપથી રહિત પોતાની ચીજનો અનુભવ કરવો તે ચિંતામણિરતન છે.

કરોડપતિ અને અબજપતિ શેઠીયા કહેવાય છે તે બધાં પથ્થરના ભિખારી છે. તેને પૈસાવાળા કહીને બધાં મલાવે; પણ એ કહેનારા તો પાગલ છે. જ્ઞાન-આનંદ આદિ સ્વરૂપનું અનુભવમાં આવવું તે ચિંતામણિરતન છે.

अनुभव है रसकूप — ભગવાન આત્મા શાંતિનો સાગર છે. અવિકારી નિર્દોષ શાંત રસનો સાગર છે. તેનો અનુભવ એ રસનો કૂવો છે. જેના સ્વભાવનો કોઈ પાર નથી, અપરિમિત છે, બેહદ છે એવી અપાર શાંતિનો સાગર ભગવાન આત્મા પોતે છે અને તેનો અનુભવ તે શાંતરસનો કૂવો છે.

अनुभव मारग मोखको — અનુભવ તે મોક્ષનો મારગ છે. જુઓ ! આ સીધી વાત લખી છે કે, અનુભવ એ મોક્ષનો મારગ છે. લોકો નકામી તકરાર લઈને બેસે છે કે વ્યવહારથી નિશ્ચય થાય, શુભરાગથી ધર્મ થાય. અરે! દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભરાગ તો વૃત્તિના ઉત્થાન છે, એ ધર્મ કેવો ! અનુભવ જ ધર્મ છે, એ એક જ મોક્ષનો મારગ છે, મોક્ષના મારગ બે નથી એમ કહે છે.

અખંડ આનંદ સ્વરૂપ આત્માની અભેદ, નિર્વિકલ્પ, વીતરાગ સમ્યક્ દૃષ્ટિ, નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન અને સ્વરૂપમાં સ્થિરતારૂપ આનંદનું ભોજન તે મોક્ષનો મારગ છે.

શ્રોતા :— તેમાં વ્યવહાર સાધન તરીકે તો છે ને!

પૂજ્ય ગુરુદેવ :— અનુભવરૂપ ધર્મનું સાધન પણ અંદર છે. બહારમાં કોઈ વ્યવહાર સાધન નથી. સ્વરૂપનું સાધન કરે ત્યારે બહારમાં જે રાગની મંદતા હોય તેને ઉપચારથી, નિમિત્ત તરીકે બાહ્ય સાધન કહેવાય છે. વાસ્તવિક દૃષ્ટિએ કોઈ વ્યવહાર સાધન નથી. જે નથી તેને કહેવું તેનું જ નામ વ્યવહાર છે.

શું થાય ! જગતને સત્ય મળતું નથી એટલે ધર્મના નામે પણ ઊંધા રસ્તે ચાલ્યા જાય છે. તેમાં આત્મા કયાંયથી હાથમાં આવતો નથી.

અહીં તો સીધી અને સરળ વાત છે કે આત્મા પોતે પૂર્ણાનંદ-સ્વરૂપ છે તેની પર્યાયમાં પૂર્ણ-આનંદની પ્રાપ્તિ થવી તે મોક્ષ છે અને આનંદનું અંશે વેદન થવું તે

અનુભવરૂપ મોક્ષનો માર્ગ છે. સીધી વાત છે પણ જીવ બહારમાં એવો ગૂંચવાઈ ગયો છે, એટલી પરાશ્રિતબુદ્ધિ થઈ ગઈ છે કે આ સ્વાશ્રિત અનુભવની વાતની હા પાડવામાં પણ એને પરસેવો ઊતરે છે!

अनुभव मोक्षस्वरूप — જેવો વસ્તુનો પૂર્ણસ્વભાવ છે તેવો દશામાં તેનો પૂર્ણ અનુભવ થવો તેનું જ નામ મોક્ષ છે. મુક્તિના કારણરૂપ એવા અનુભવનો આખો અધિકાર વર્ણવેલો છે ને! અબંધસ્વભાવી ભગવાન આત્માના આશ્રયે પર્યાયમાં જે અબંધદશા પ્રગટ થાય તે મોક્ષનો મારગ છે — તે અનુભવ છે અને તેની પર્યાયમાં પૂર્ણતા થઈ જવી તેનું નામ મોક્ષ છે.

અરે, એના નિજઘરના રસ્તા હાથ ન આવે તો બહારથી માથા પછાડીને મરી જાય, કાય-ક્લેશાદિ કરે તોપણ વસ્તુ હાથ આવે તેમ નથી.

હવે ૧૦માં શ્લોકમાં અનુભવને જુદી જુદી ઉપમા આપે છે :—

अनुभौके रसकौं रसायन कहत जग,
अनुभौ अभ्यास यहु तीरथकी ठौर है।
अनुभौको जो रसा कहावै सोई पोरसा सु,
अनुभौ अधोरसासौं ऊरधकी दौर है।
अनुभौकी केलि यहै कामधेनु चित्रावेलि,
अनुभौको स्वाद पंच अमृतको कौर है।
अनुभौ करम तोरै परमसौं प्रीति जोरै,
अनुभौ समान न धरम कोऊ और है ॥ १० ॥

જેમ વનસ્પતિના જે રસથી લોઢું સોનું થઈ જાય તેને રસાયણ કહે છે તેમ મિથ્યાત્વને તોડીને આનંદ પ્રાપ્ત કરાવે છે એવા અનુભવને જગતના જ્ઞાનીઓ રસાયણ કહે છે.

જ્ઞાનાર્ણવના રચયિતા શુભચંદ્ર આચાર્યદેવના ભાઈ અન્યમતીના સાધુ થઈ ગયેલાં. તેણે તપ કરીને લોઢામાંથી સોનું બનાવવાનું આવું રસાયણ પ્રાપ્ત કર્યું અને તેને કિંમતી જાણી પોતાના ભાઈ શુભચંદ્રાચાર્યને મોકલ્યું. આચાર્ય તો એ ઢોળી નાંખે છે અને ભાઈને ઠપકો આપે છે કે અરે, ભિખારી! શું આ રસાયણ માટે તેં રાજ છોડ્યું હતું? રસાયણ જ જોઈતું હતું તો રાજમાં જ રહેવું હતું ને! આપણે તો ચૈતન્યનું રસાયણ લેવા માટે રાજ્ય છોડ્યું હતું. એમ કહીને પથ્થરની શિલા ઉપર પેશાબ કર્યો

તો શિલા સોનાની થઈ ગઈ તે બતાવીને કહે છે કે અહીં તો પેશાબ રસાયણનું કામ કરે છે પણ તેને શું કરે? આત્માના અનુભવના રસાયણ પાસે તેની શું કિંમત છે?

રસાયણ તો તેને કહેવાય કે જેનાથી ક્ષણમાં મિથ્યાત્વનો નાશ થઈને આત્મા જાગૃત થાય, સાક્ષાત્કાર થાય, તેનું નામ અનુભવ-રસાયણ છે. જ્ઞાનીઓ આ અનુભવને રસાયણ કહે છે જ્યારે મૂઢ અજ્ઞાની લોઢાને સોનું બનાવે તેને રસાયણ કહે છે પણ એ તો બંને ધૂળ છે—લોઢું અને સોનું બંને જડ છે, તેનાથી આત્માને લાભ શું થાય?

આત્મા જ પવિત્ર તીર્થભૂમિ છે. જેણે એ પવિત્રધામનો અનુભવ કરી પ્રવેશ કર્યો તે તીર્થના ધામમાં છે. પવિત્ર ભૂમિમાં પેઠો, તે પોતે પવિત્ર થઈને ત્યાં જ ઠરી ગયો છે. તેણે ખરી તીર્થયાત્રા કરી છે. સમ્મેદશિખર જાય કે શેત્રુંજય જાય પણ તે ખરી યાત્રા નથી. લોકો ગંગાસ્નાનથી પવિત્રતા માને પણ ગંગામાં તો ઘણાં માછલાં ન્હાય છે તો શું તે પવિત્ર થઈ ગયા?

તરવાના ઉપાયનું સાધન એવો જે ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા તેમાં જેણે પ્રવેશ કર્યો તેણે પવિત્ર તીર્થભૂમિમાં પ્રવેશ કર્યો છે. જુઓ! યાત્રાના શુભ ભાવને યાત્રા કહી નથી. અશુભથી બચવા યાત્રાનો ભાવ આવે એની ના નથી પણ એ વસ્તુનું સ્વરૂપ નથી. આત્માના તીર્થમાં પ્રવેશ કર્યો તે તો તરી ગયો. તેણે અનુભવમાં પવિત્રતા પ્રગટ કરી; તે તીર્થમાં ઠરી જાય છે. આવી તીર્થયાત્રા તો પશુ પણ કરી શકે છે, તો મનુષ્ય ગૃહસ્થાશ્રમમાં રહેલો હોય તે ન કરી શકે એ વાત કયાં રહી?

अनुभौको जो रसा — रसा એટલે ભૂમિ; નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્ય રસકંદ આત્માની સન્મુખનો જે અનુભવ તે એવી ભૂમિ છે કે જેમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, ઇચ્છાનિરોધ આદિ ઊંચી વસ્તુઓ પાકે છે.

કેટલીક ભૂમિ એવાં હોય કે જેમાં ચોખા પાકે, કોઈમાં કળથી પાકે, તેમ આ અનુભવની ભૂમિ એવી છે કે જેમાં અનંત જ્ઞાન, અનંત આનંદ આદિ ઊંચી ચીજ જ પાકે છે. પછી તે અનુભવ કરનારને સ્ત્રીનું શરીર હોય, દેડકાનું શરીર હોય, નારકીનું શરીર હોય કે દેવનું હોય પણ તેનાં અનુભવરસમાં આનંદ, શાંતિ, પ્રભુતા, સ્વચ્છતા, પવિત્રતાના પાક પાકે છે.

अनुभव अधोरसासौं उधरकी दौर है। નીચલી ભૂમિકાથી ઉપર લઈ જાય, નરકમાંથી ઊંચો લાવીને મોક્ષમાં લઈ જાય એવો આ અનુભવ છે. નરકની અંદર પણ અનુભવ કરનારા નારકી જીવો છે. સમ્યક્ અનુભવ અને અનુભવની શાંતિ નરકમાં પણ થઈ શકે છે. અહો, આ આત્મા! અદ્‌ભુત...અદ્‌ભુત, વિસ્મય...વિસ્મય એવું આત્માનું ભાન થતાં

નરકના જીવો પણ ત્યાંથી ઊંચે આવીને મનુષ્ય થઈને મોક્ષમાં જાય છે. એવું આ અનુભવનું ફળ છે.

શ્રેણિકરાજા ૮૪૦૦૦ વર્ષ નરકમાં રહીને, ત્યાંથી નીકળી તીર્થંકર થઈ મોક્ષ જવાના છે: એ આ અનુભવરસના ફળ પાકવાના છે. પુણ્યના પરિણામ તીર્થંકરગોત્રને યોગ્ય થયા હતાં તેના ફળમાં સમોસરણ આદિ વૈભવ થશે પણ કેવળજ્ઞાન તો આ અનુભવના ફળમાં થવાનું છે.

અંદરમાં આત્મા પરમેશ્વરસ્વરૂપે બિરાજમાન છે ને! શુદ્ધ આનંદ અને શુદ્ધ જ્ઞાનનો દરિયો...ચૈતન્ય રત્નાકર...ચૈતન્યનો સ્વયંભૂરમણ સમુદ્ર છે, તેમાં દર્શન, જ્ઞાન, શાંતિ આદિ રત્નો પાકે છે. એ અનુભવ જ જીવને ઊંચે લઈ જાય છે.

अनुभौकी केलि यहै कामधेनु चित्रावेलि। કામધેનુ ગાય જ્યારે જોઈએ ત્યારે દૂધ આપે છે, ઇચ્છો ત્યારે દૂધ આપે છે. તેમ આ અનુભવ પણ આનંદ દેનારી કામધેનુ છે, આનંદનું દુઝાણું ઘરે પાકયું છે. ચિત્રાવેલિ એટલે એ જાતની વનસ્પતિ કે તેમાંથી જે જોઈએ તે મળે તેમ અનુભવ એ આનંદની ચિત્રાવેલિ છે.

પદ્મનંદીમાં મુનિરાજ કહે છે કે કામધેનુ, ચિત્રાવેલિ આદિ કહેવાય છે તે તો અમે જોઈ નથી પણ આ અનુભવરૂપ કામધેનુ તો અમે જોઈ છે, અતીન્દ્રિય આનંદનો અનુભવ એ અમારી ચિત્રાવેલિ અને કામધેનુ છે. એક 'કામકુંભ' થાય છે તેમાંથી પણ જે કાઢો તે નીકળ્યા કરે. લાખો માણસ જમી લે તોપણ તેમાંથી દૂધપાક ખૂટે નહિ. પણ એ તો જડ-ધૂળ છે. અનુભવ તો એવો કામકુંભ છે કે આત્મામાંથી અતીન્દ્રિય આનંદનો રસ કાઢયાં કરે...કાઢયાં જ કરે...ખૂટે જ નહિ.

પણ એણે આત્માના ગાણા દોઇ'દિ સાંભળ્યા નથી. અમુક ચીજ બહુ ઊંચી આ બહુ ઊંચી—એમ કહે છે, પણ એલા! એ ચીજ ઊંચી કે તેનો જાણનાર ઊંચો? જાણનારને જાણ્યો નહિ અને બીજી માથાફોડીના પાર નહિ.

अनुभौ स्वाद पंच अमृतको कौर है। અનુભવ એ તો પાંચ પ્રકારના અમૃતનું ભોજન છે. આનું નામ કવિ કહેવાય કે જે આત્માના ગાણા ગાય છે. શરીરના ગાણા ગાય તે કવિ નથી. શરીર તો રૂપાળું દેખાતું હોય પણ જ્યાં બે દિવસ ખોરાક ન ખાય ત્યાં તો એ ધાનનું ઢિંગલુ કરમાય જાય છે, તેના વળી ગાણા શું ગાવા! શરીર તો સડે તો અંદર ઈયળો પડે છે. કેમ કે એ તો માટી છે ને! હાડ-માંસનું પીંજરું છે.

અનુભવ એ પંચામૃત ભોજન છે. લગનમાં પંચોળાને જમવા બેસાડે છે ને! તેમાં ઊંચી ઊંચી ચીજ જમવામાં આપે, બધાં જાનૈયાને એવું ન મળે. તેમ જે પંચ-

પરમેષ્ઠીની સાથે જમવા બેઠો, તેને પંચામૃત મળે છે! આહાહાહા! આત્માના આનંદ પાસે પાંચ ઈન્દ્રિયના વિષયો — ઈન્દ્રના ઈન્દ્રાસનો પણ સડેલાં મીંદડા ને કૂતરાંના કલેવર જેવા લાગે છે. ચિદાનંદના સ્વાદ આગળ બધું ધૂળ...ધૂળ ને ધૂળ છે.

આવા આત્માની એને ખબર ન મળે અને કહે કે આત્મા છે...છે; પણ કેવો છે આત્મા! એને ઓળખ તો ખરો. આત્માના આનંદનો રસ ચાખ તો એ તો પંચામૃતના ભોજન છે. આવું વીતરાગનું તત્ત્વ સાંભળ્યું નહિ અને ક્રિયા કરીને મરી ગયા છે.

अनुभौ करम तोरै ભગવાન આનંદકંદ શુદ્ધ ચૈતન્યના અનુભવથી કર્મની નિર્જરા થાય છે. ઉપવાસ કરવાથી કર્મની નિર્જરા થતી નથી. ઉપવાસ કરે છે એ તો લાંઘણ છે. અનુભવ જ કર્મોને તોડે છે. થોડા અનુભવથી થોડી નિર્જરા થાય છે અને પૂર્ણ અનુભવથી પૂરી નિર્જરા થાય છે.

જુઓ! આ થોડાં શબ્દોમાં કેટલું મૂકી દીધું છે! परमसौं प्रीति जोरै। પરમ એટલે પોતાનું અવિનાશી આનંદકંદ ધ્રુવ પરમાત્મસ્વરૂપ. અનુભવથી પરમાત્મસ્વરૂપ સાથે પ્રીતિ થાય છે અને રાગ તથા પુણ્ય-પાપની પ્રીતિ ઊડી જાય છે.

સ્વચૈતન્યપ્રભુ અપરિમિત આનંદ જ્ઞાન અને શાંતિનો સાગર છે તેનો આશ્રય કરવો, અનુભવ કરવો–વેદન કરવું તે કર્મ તૂટવાનું કારણ છે. વ્રત, તપ, ઉપવાસ આદિ ક્રિયા એ કર્મ તોડવાનું કારણ નથી.

अनुभौ समान न धरम कोऊ और है। અનુભવ સમાન બીજો કોઈ ધર્મ નથી. અખંડાનંદ સ્વરૂપનો અનુભવ કરવો તે જ ધર્મ છે. કાલે આવ્યું હતું ને! અનુભવ ધર્મની જય હો.

પ્રભુ! તું કોણ છો? શું તું રાગવાળો, પુણ્યવાળો અને વિકલ્પવાળો છો? એ તારું સ્વરૂપ છે? એ તો બધી જડ પરવસ્તુ છે. તું આનંદવાળો, જ્ઞાનવાળો, શાંતિવાળો, સહજાત્મસ્વરૂપનો પિંડ છો, તેનો અનુભવ કર તો સ્વરૂપની પ્રીતિ થશે અને કર્મો તૂટી જશે. બાકી કોઈ ક્રિયાકાંડથી આત્મામાં એકાકાર થવાતું નથી કે કર્મોની નિર્જરા થતી નથી.

જીવ અને અન્ય છ દ્રવ્યોનું હવે વિવેચન કરવામાં આવે છે.

चेतनवन्त अनन्त गुन, परजै सकति अनन्त।
अलख अखंडित सर्वगत, जीव दरव विरतंत ॥२०॥

જીવ કોને કહેવો? દેહમાં બિરાજમાન ચૈતન્યતત્ત્વ કેવું છે? તે બતાવે છે.

ભગવાન આત્મા ચૈતન્યરૂપ છે, અનંત ગુણ, અનંત પર્યાય અને અનંત શક્તિ સહિત છે. આત્માને જડરૂપ નથી માટે તે સ્પર્શ, રસ, ગંધવાળો નથી. જીવ પોતે એકરૂપ છે પણ તેની જ્ઞાન, દર્શન, આનંદ, સુખ, વીર્ય, પ્રભુતા આદિ અનંત શક્તિઓ છે. તે ત્રિકાળી ગુણ છે અને એક એક ગુણમાં અનંતી શક્તિ-સામર્થ્ય છે. ચિદ્‌વિલાસમાં આ વાત લીધી છે. જીવદ્રવ્ય આવો અનંત ગુણમય છે એવો જાણ્યા વગર તેનો અનુભવ થતો નથી.

એક જીવદ્રવ્યમાં અનંત ગુણ છે અને એક એક ગુણની અનંત પર્યાય છે અને અનંતી શક્તિ છે. પર્યાય તો એક અંશ છે પણ તે ગુણની શક્તિનું સામર્થ્ય અનંત છે. અહીં તો દશ-વીશ લાખ થાય ત્યાં જાણે હું કાંઈક મોટો થઈ ગયો એમ લાગે છે. પણ ભાઈ! એ પૈસો તારો નથી; તારી અનંત શક્તિ તે તારો વૈભવ છે.

અજ્ઞાની જીવને શરીરમાં કેન્સર આદિ રોગ થાય તેની દરકાર છે. 'અરે, મને કેન્સર થઈ ગયું!'-તેનો ભય છે, પણ આત્માને આ શરીર હું છું, રાગ હું છું એ કેન્સર અને ક્ષય લાગુ પડ્યો છે તેની દરકાર નથી, તેનો ભય નથી, કેમ કે પોતાની જાતને ભૂલીને કજાતને પોતાની માની છે ને! પણ તેમાં ક્ષણે ક્ષણે એનું મૃત્યુ થાય છે તેનું તેને ભાન નથી.

જાગતી જીવતી ચૈતન્ય જ્યોત, જે અનંત જ્ઞાન, આનંદ અને શાંતિનો સાગર છે, તેને નહિ કબૂલતા, તેની સામે નહિ જોતા, કૃત્રિમ રાગાદિની સામે જોતાં તેનું માન વધી જાય છે અને આત્માનું માન ઘટી જાય છે. સમજાણું કાંઈ! વ્યવહારથી નિશ્ચય થાય છે એમ માનનારે વ્યવહારને માન આપ્યું છે. હે રાગ! તારાથી મને લાભ છે એમ રાગને માન દેનારે જાગતી જીવતી ચૈતન્યજ્યોતનું અપમાન કર્યું છે. અનંત ગુણના સાગરનું અપમાન કર્યું છે.

જીવદ્રવ્ય અનંત ગુણ અને શક્તિવાળો છે એમ કહ્યું. હવે કહે છે જીવદ્રવ્ય અલખ છે. અલખ એટલે તે ઇન્દ્રિયોથી જણાય તેવો નથી. અતીન્દ્રિયસ્વરૂપ ભગવાન છે. અખંડિત છે, તેમાં ખંડ-ખંડ નથી. વળી સર્વગત છે એટલે સર્વને જાણનારો છે. સર્વમાં વ્યાપ્યા વગર, પોતામાં રહીને ત્રણકાળ અને ત્રણલોકને જાણનારો છે. જ્ઞાનની અપેક્ષાએ તેનો વિસ્તાર સર્વવ્યાપી છે એટલે જગતમાં પોતે વ્યાપી જતો નથી પણ પોતે પોતામાં રહીને આખા જગતને જાણી લે છે.

ભગવાને જીવદ્રવ્યનું આવું સ્વરૂપ કહ્યું છે તે અહીં વર્ણવ્યું, હવે પુદ્‌ગલદ્રવ્યનું સ્વરૂપ વર્ણવે છે.

फरस–वरन–रस–गंधमय, नरद–पास संठान ।
अनुरूपी पुदगल दरव, नभ–प्रदेश–परवान ॥ २१ ॥

પુદ્‌ગલદ્રવ્ય પરમાણુરૂપ છે. પરમ+અણુ = પરમાણુ. સૌથી નાનામાં નાનો અણુ છે તે પરમાણુ છે, તે જ પુદ્‌ગલદ્રવ્ય છે. આ શરીર આદિ દેખાય છે તે તો પરમાણુના પિંડ-સ્કંધ છે. પરમાણુ આકાશના એક પ્રદેશ જેવડો હોય છે. ચોસલા જેવો તેનો આકાર હોય છે એટલે કે છ પાસાદાર જેવો ચોરસ – બરફીના ચોસલા જેવો હોય છે. ભગવાન સર્વજ્ઞદેવે પુદ્‌ગલનું આવું સ્વરૂપ પ્રત્યક્ષ જોયું છે.

આત્મા અરૂપી ચિદાનંદ ભગવાન છે અને પુદ્‌ગલ તો સ્પર્શ, રસ, ગંધવાળું છે. ઠંડો, ગરમ, લૂખો, ચીકણો આદિ આઠ પ્રકારનો તેનો સ્પર્શ હોય છે. કાળો, લાલ, પીળો આદિ તેનામાં રંગ હોય છે. ખાટો, મીઠો, કડવો આદિ રસ હોય છે. પરમાણુ આવા સ્પર્શ, રસ, ગંધમય હોય છે. ગુણીથી ગુણ જુદાં હોતા નથી. જેમ સાકરથી તેની મીઠાશ અને સફેદાઈ જુદી નથી હોતી, અભેદ હોય છે, તેમ પરમાણુમાં રંગ, ગંધ, સ્પર્શ આદિ ગુણો અભેદ છે.

આમ, સ્પર્શ, રસ, ગંધ અને વર્ણમય પરમાણુને પુદ્‌ગલદ્રવ્ય કહેવાય છે.

[ ક્રમશઃ ]

## 卐 સંયોગ તરફથી લક્ષ ફેરવીને અંદર જા 卐

ગમે તેવા સંયોગમાં તારું તત્ત્વ અંદર જુદું જ છે. તેની દૃષ્ટિ કર તો તને શાંતિની પ્રાપ્તિ થાય; એ સંયોગ તને નડતા નથી. અહા ! સ્વરૂપની સાચી સમજણ એ કોઈ જુદી જાત છે! ભગવાન સર્વજ્ઞદેવ જેને શાંતિ કહે છે એ કોઈ અલૌકિક ચીજ છે! એ શાંતિથી તો તું ભરપૂર ભરેલો છો. માટે સંયોગ તરફથી લક્ષ ફેરવ ને અંદર જા, તને અપૂર્વ શાંતિ મળશે. અહા! તારું સહજ તત્ત્વ હાજરાહજૂર છે. સંયોગ વખતે પણ અંદર નજર કર તો એ તત્ત્વ હાજર છે; દૂર નથી થઈ ગયું. સંયોગ સંયોગમાં રહ્યો. તે તેને અડતો નથી, તું તેને અડતો નથી. અહા! ગમે તે સંયોગમાં—શરીરમાં આઠ ડિગ્રી તાવ હોય તોપણ—જો અંદરમાં જા, તો તને શાંતિ વળશે; એ સંયોગ નડશે નહિ.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા ૩૧૧-૩૧૨ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

સમ્યગ્દર્શન કેવી રીતે જાણી શકાય? એવા તત્ત્વાર્થશ્રદ્ધાનને અહીં કહે છે. જીવ-અજીવાદિ નવ પ્રકારના પદાર્થોને શ્રુતજ્ઞાનપ્રમાણથી અને તેના ભેદ જે નય તેના વડે પોતાના આદર-યત્ન ઉદ્યમથી માને, શ્રદ્ધાન કરે તે શુદ્ધ સમ્યગ્દષ્ટિ છે.

જુઓ, જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ પદાર્થનું યથાર્થજ્ઞાન કરવું તે સમ્યગ્દર્શન છે. જીવ-અજીવાદિ નવ પદાર્થો સ્વતંત્ર છે. પૃથક્-પૃથક્ છે. જીવ જીવપણે છે, અજીવપણે નથી. અજીવ અજીવપણે છે. સંવર સંવરપણે છે, આસ્રવાદિપણે નથી. નિર્જરા નિર્જરાપણે છે, બીજા આઠપણે નથી. એમ જાણવું તે જ્ઞાનનું કાર્ય છે, તે જ્ઞાનનું કારણ સમ્યગ્દર્શન છે. પણ અહીં કાર્યને કારણનો આરોપ આપીને જ્ઞાનને સમ્યગ્દર્શન કહેલ છે.

જીવ જીવપણે છે, બીજા અજીવાદિ આઠ તત્ત્વોપણે નથી. કર્મની પર્યાય અને એના દ્રવ્ય-ગુણ પુદ્ગલ છે, અજીવ છે, એ જીવમાં નથી. પુણ્ય-પાપાદિ આસ્રવતત્ત્વમાં સંવરતત્ત્વ નથી એમ અનેકાન્ત છે, ને વાણીમાં પણ એવો અનેકાન્તમય વ્યવહાર હોય છે અને સમ્યગ્દષ્ટિને એવો જ પ્રતીતમાં આવે છે. એક એક તત્ત્વમાં સપ્તભંગી ઊતરે છે. પર્યાયે પર્યાયે સ્વતંત્રતાની સિદ્ધિ કરે છે. એ નવ પદાર્થોનું સપ્તભંગી દ્વારા પ્રમાણજ્ઞાન થાય છે. તે સમ્યક્ત્વનું કાર્ય છે. અહીં કાર્યમાં કારણનો આરોપ આપીને તેને શુદ્ધ સમ્યક્ત્વ કહેલ છે. સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનને અવિનાભાવ સંબંધ છે.

આ વિષય ઘણો ઊંચો અને અદ્ભુત છે પણ જીવો સમજવાની દરકાર કરતાં નથી. આના ભાવાર્થમાં શ્રી જયચંદજી પંડિતે તો ઘણી સરસ વાત કરી છે. અનેકાંતનું સ્વરૂપ યથાર્થ જાણવું જોઈએ અને જેમ છે તેમ યથાર્થપણે સ્વતંત્રતાનો નિર્ણય કરવો જોઈએ.

ભાવાર્થ :— વસ્તુનું સ્વરૂપ અનેકાંત છે. નવ પદાર્થો છે તે વસ્તુ છે. પર્યાય પણ કથંચિત્ વસ્તુ છે એટલે નવે પદાર્થ અનેકાન્તસ્વરૂપ છે. એ વસ્તુના સામાન્ય ધર્મો કહે છે.

અસ્તિત્વ-નાસ્તિત્વ :— આત્મા પોતાપણે છે અને પરપણે નથી. અજીવ

અજીવપણે છે અને જીવપણે નથી. એમ દરેક પદાર્થ સંવરાદિ પોતાપણે છે અને આસ્રવાદિપણે નથી.

એકત્વ–અનેકત્વ :— આત્મા દ્રવ્યે એક છે અને ગુણ-પર્યાયે અનેક પણ છે. એમ અજીવમાં પણ એક-અનેકપણું છે.

નિત્યત્વ–અનિત્યત્વ :— આત્મા દ્રવ્ય અપેક્ષાએ કથંચિત્ નિત્ય છે અને પર્યાય અપેક્ષાએ અનિત્ય પણ છે.

ભેદત્વ–અભેદત્વ :— દરેક આત્મા અને પુદ્ગલમાં દ્રવ્ય અપેક્ષાએ અભેદત્વ છે અને પર્યાય અપેક્ષાએ ભેદત્વ છે.

અપેક્ષત્વ–અનપેક્ષત્વ :— આત્મા અને દરેક પદાર્થ નિરપેક્ષ-સ્વરૂપ છે એમ નક્કી કર્યા પછી તેને અપેક્ષા લાગુ પડે છે. જીવ-અજીવાદિ નવે પદાર્થો નિરપેક્ષ છે, જેમ કે માણસ છે એમ નિરપેક્ષ નક્કી કર્યા પછી આ વાણિયો છે કે બ્રાહ્મણ છે એમ સાપેક્ષપણું લાગુ પડે છે.

આત્મામાં કથંચિત્ ઉપાદાનથી કાર્ય થાય છે તે નિરપેક્ષપણું છે અને કથંચિત નિમિત્તથી થાય છે એમ માનવું તે સાપેક્ષપણું છે. એમ કોઈ કહે તો એ વાત ખોટી છે, તે અનેકાંત નથી. કાર્ય તો ઉપાદાનથી જ થાય છે પણ એ વખતે જે નિમિત્ત હોય, તેનાથી થાય છે એમ કહેવું તે સાપેક્ષપણું છે પણ નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થતું નથી. સમ્યગ્દર્શન છે તે નિરપેક્ષ છે. દ્રવ્યના આશ્રયે તે થાય છે એમ કહેવું તે સાપેક્ષપણું છે. એમ સંવર-નિર્જરા છે તે નિરપેક્ષ છે, તે દ્રવ્યના આશ્રયે છે એમ કહેવું તે સાપેક્ષ છે પણ ઉપવાસાદિ પરના કારણે થાય છે એ સાપેક્ષપણું નથી. એ પ્રમાણે નવ પદાર્થોમાં લઈ લેવું.

દૈવસાધ્યત્વ-પૌરુષસાધ્યત્વ :— આ સામાન્ય ધર્મ છે તેને સમજ્યા વગર ઘણાં લોકો ગરબડ કરે છે. આત્મામાં કર્મના કારણે થાય અને પરમાં આત્માના પુરુષાર્થના કારણે થાય છે એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. પૈસા આદિ જે સંયોગો મળે છે તે તો વસ્તુની પોતાની યોગ્યતાથી આવે છે, એમાં પૂર્વના કર્મ અને આત્માનો વિકલ્પ નિમિત્તમાત્ર છે, વિકલ્પના કારણે કે કર્મના કારણે તે વસ્તુ આવી નથી. દૈવ અને પુરુષાર્થના સ્વરૂપને નહીં સમજનારા લોકો કહે છે કે "ધર્મથી ધન મળે અને ધનથી ધર્મ થાય", એમ દૈવ અને પુરુષાર્થને લગાવે છે પણ તે વાત ખોટી છે. આત્માની ઇચ્છાના કારણે પૈસા

મળતો નથી અને કર્મના કારણે પણ પૈસો આવતો નથી. પૈસાની લાયકાતથી પૈસો આવે છે તેમાં કર્મ અને વિકલ્પ નિમિત્ત છે. વર્તમાન ઇચ્છા તે પુરુષાર્થ-સાધ્યત્વ અને કર્મનું નિમિત્ત તે દૈવસાધ્યત્વ છે. આત્મામાં મોક્ષદશા થાય છે તે પુરુષાર્થથી જ થાય છે. તેમાં કર્મનો અભાવ નિમિત્ત છે. પરનો સંયોગ આવવાનો તે આવવાનો અને જવાનો તે જવાનો એમાં ફેરફાર થઈ શકે નહીં. ભોજન મળવાનું તે મળવાનું "દાણે દાણે ખાનારનું નામ લખેલું છે" એમ કહે છે. એનો અર્થ એ છે કે જે જે અનાજ મળવાનુ તે મળવાનું તે નક્કી છે. એમાં પુરુષાર્થ કે કર્મ કાંઈ કરતું નથી, ઇચ્છા અને કર્મ નિમિત્તમાત્ર છે.

નિમિત્તદૃષ્ટિવાળો જીવ કહે છે કે આત્મા ખાય છે ત્યારે તેને સંતોષ થાય છે; આત્મા ખાઈ શકતો નથી એ વાત તેને બેસતી નથી. વળી તે કહે છે કે કર્મ પ્રેરક નિમિત્ત છે એનો ઉદય આવે ત્યારે આત્માને વિકાર કરવો જ પડે. આમ તે માને છે. આવા જીવોને સમજાવવા કોઈ તીર્થંકર કે કેવળી પણ નિમિત્તરૂપે સમર્થ નથી, તેવી તેની સ્વતંત્ર પર્યાય છે. અહો ! પાણીનું બિંદુ કે અનાજનો દાણો મોઢામાં આવવાનો હોય ત્યારે આવે અને ગળે ઊતરવાનો હોય ત્યારે ઊતરે અને પેટમાં રહેવાનો હોય તો રહે. એમાં આત્માની ઇચ્છા કાંઈ કરી શકે નહીં. ઘરમાં શાક આવે છે તે આત્માની ઇચ્છાથી કે પૈસાના કારણે આવે છે એમ નથી. પણ અજ્ઞાનીને આ વાત અંતરમાં બેસતી નથી. દરેકે દરેક પદાર્થનું પરિણમન એના કારણે થાય છે મેં કપડું છોડયું ને ત્યાગી થયો એમ માનનારો પોતાના સ્વધર્મીત્યાગરૂપી મોહને કહે છે, કેમ કે કપડું આત્માની ઇચ્છાના કારણે છૂટયું નથી પણ એના કારણે છૂટયું છે. તેમ જે માનતો નથી તેને પુરુષાર્થ-સાધ્ય અને દૈવ-સાધ્યની ખબર નથી માટે મિથ્યાદૃષ્ટિ છે.

હેતુસાધ્યત્વ–આગમસાધ્યત્વ :— હેતુ અને દલીલ દ્વારા વસ્તુની સિદ્ધિ કરવામાં આવે છે એને હેતુસાધ્યત્વ કહેવામાં આવે છે. આગમમાં તો સર્વજ્ઞે કહેલી પરંપરા હોય છે. જેમ કે છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ જીવો મુક્ત થાય છે તો એમાં તર્ક-દલીલ કામ લાગે નહીં, તે આગમથી સિદ્ધ થાય છે. કોઈ કહે કે આત્મામાં જ જ્ઞાન સ્વભાવ છે અને બીજામાં કેમ નહીં ? તો એમાં તર્ક કામ લાગે નહીં. એક એક પર્યાયમાં અનંત સપ્તભંગી ઊતરે છે. અસંખ્ય દ્વીપ સમુદ્ર છે. અસંખ્ય શ્રાવક–શ્રાવિકા છે. અસંખ્ય ચંદ્ર-સૂર્ય છે. એ બધું આગમથી સિદ્ધ થાય છે. તેમાં હેતુ લાગુ પડે નહીં. આગમ પ્રમાણે ન માને તો તે દેવ–શાસ્ત્ર-ગુરુને પણ માનતો નથી.

અંતરંગત્વ–બહિરંગત્વ :— દરેક પદાર્થમાં પોતાની અપેક્ષાએ અંતરંગત્વ છે ને પર પદાર્થની અપેક્ષાએ બહિરંગત્વ છે.

દ્રવ્યત્વ–પર્યાયત્વ :— આ ધર્મ પણ સામાન્ય છે. આ રીતે સામાન્ય ધર્મની વ્યાખ્યા થઈ. હવે વિશેષ ધર્મોની વાત કરે છે.

જીવત્વ :— આ ધર્મ જીવમાં જ હોય છે. અજીવમાં હોતો નથી.

અજીવત્વ :— અજીવમાં જ હોય છે, માટે તે બન્ને વિશેષ ધર્મ છે. સ્પર્શત્વ, રસત્વ, ગંધત્વ, વર્ણત્વ, શબ્દત્વ આ ગુણો પુદ્‌ગલદ્રવ્યમાં જ હોય છે. શુદ્ધત્વ–અશુદ્ધત્વ અમુક જીવ-પુદ્‌ગલોમાં જ હોય છે, બધા જીવ–પુદ્‌ગલોમાં હોતા નથી મૂર્તત્વ ખાસ પુદ્‌ગલ દ્રવ્યનો જ ધર્મ છે. અમૂર્તત્વ પુદ્‌ગલ સિવાય બીજા પાંચ દ્રવ્યોનો વિશેષ ધર્મ છે. આત્માને કોઈ ઠેકાણે મૂર્તત્વ કહેલ છે, તે તો મૂર્તના સંયોગે ઉપચારથી કહેલ છે, ખરેખર જીવ મૂર્ત હોતો નથી. મૂત થાય તો જીવનો નાશ થઈ જાય.

સંસારિત્વ–સિદ્ધત્વ :— એ બન્ને પ્રકાર જીવના છે. બન્ને પ્રકારમાં જીવ તો અમૂર્તિક છે. સંસાર-પર્યાય ચૌદમા ગુણસ્થાન સુધી હોય છે. કેમ કે ત્યાં સુધી અસિદ્ધત્વ છે. સંસારિત્વ જીવનું સ્વતત્વ છે, પણ તે બધા જીવોમાં નથી, તેથી વિશેષ ગુણ છે.

અવગાહત્વ :— આકાશ દ્રવ્યનો વિશેષ ગુણ છે.

ગતિહેતુત્વ :— ધર્માસ્તિકાયનો; સ્થિતિહેતુત્વ અધર્માસ્તિકાયનો; વર્તનાહેતુત્વ કાળનો ઇત્યાદિ વિશેષ ધર્મ છે.

હવે, પ્રશ્નકારના પ્રશ્નવશાત્ વિધિ-નિષેધરૂપ વચનના સાત ભંગ થાય છે. સામાન્ય ધર્મના સાત ભંગ અને વિશેષ ધર્મના પણ સાત ભંગ થાય છે, તેને 'સ્યાત્' પદ લગાવવું. 'સ્યાત્' એટલે કથંચિત્—કોઈ પ્રકારથી એવા અર્થમાં છે. એ વડે વસ્તુને અનેકાંતરૂપ સાધવી.

(૧) વસ્તુ સ્યાત્ અસ્તિરૂપ છે. :— એ પ્રમાણે કોઈ પ્રકારથી પોતાનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી વસ્તુને અસ્તિત્વરૂપ કહે છે (૨) વસ્તુ સ્યાત્ નાસ્તિરૂપ છે. એ પ્રમાણે પરવસ્તુનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી નાસ્તિત્વરૂપ કહે છે. દરેક પદાર્થ અસ્તિ-રૂપ છે તેને સર્વથા અસ્તિરૂપ માનવામાં આવે તો તે પદાર્થો પૃથક્ પૃથક્ નહીં રહેતાં એકરૂપ થઈ જાય પણ પોતાથી અસ્તિરૂપ છે, તે પરથી નાસ્તિરૂપ છે. એક પુદ્‌ગલના સ્કંધમાં દરેક પુદ્‌ગલ–પરમાણુ પૃથક્ પૃથક્ પોતાના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અસ્તિરૂપ છે અને બીજા પરમાણુના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી નાસ્તિરૂપ છે. એમ જીવ–અજીવાદિ નવ પદાર્થો છે. તેમાં સ્યાત્ અસ્તિ નાસ્તિરૂપ ભંગ પડે છે. તેનાથી વસ્તુ સ્વતંત્ર સિદ્ધ થાય છે.

—૦—

[ ક્રમશઃ ]

# 卐 ત્રૈલોકયદુઃખહર પ્રભુભક્તિ 卐

[ શ્રી ભક્તામરસ્તોત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ આદિનાથ સ્તોત્ર છે. તેના નવ શ્લોકો થઈ ગયા. શ્રી માનતુંગ આચાર્ય ૪૮ ઓરડામાં હતાં ને આ સ્તવન રચાઈ ગયું. કુદરતી પુણ્યોદયથી તાળા તૂટી ગયાં, ઓરડા ખુલી ગયા. ભક્તિમાં પરમ અદ્ભુત માધુર્યતા આવી હોવાથી અને મહાન આચાર્યની મહાન કૃતિ હોવાથી આને મહાકાવ્ય કહે છે.

શ્રી માનતુંગ આચાર્ય સંબોધે છે કે હે જગતના શોભા કરનાર! આપને લીધે જગતની શોભા છે. આપ કેવળજ્ઞાની પરમાત્મા છો. પૂર્ણ જ્ઞાનાદિ અનંત ચતુષ્ટય આપને પ્રગટ્યાં છે. આપને લીધે જગત શોભે છે. જગતના પ્રાણી શાતા અનુભવતા હોય અને જે કાંઈ પુણ્યનો અનુભવ હોય, તો તે જ્ઞાનીને લીધે છે. જ્ઞાનીની ભક્તિને લીધે પુણ્ય બંધાણા છે. માટે એ બધી આપની શોભા છે. હે નાથ! જે કંઈ જગતના અંશે પુણ્ય છે, તે સત્પુરુષની કૃપાનું ફળ છે.

હે નાથ! આપ તો સંપૂર્ણ જગતના અલંકાર છો. જગત એટલે છ દ્રવ્યસ્વરૂપ વિશ્વ: તેને કોઈ બનાવે છે ને આપે છે એમ નથી પણ વિનયરૂપ થઈને ઉપચારથી સ્તુતિ દ્વારા મહિમા કરે છે કે હે નાથ! જે ચીજ મળી છે, તે આપના પ્રસાદથી મળેલ છે. નાથનો અર્થ યોગક્ષેમના કરનારા એટલે મળેલાનું રક્ષણ કરે અને ન મળેલાને મેળવી આપે તેમ આપના ગુણગાનમાં ભક્તો અનેક રીતે અલંકાર કરે છે. હે નાથ! આપ ત્રણ લોકના પ્રાણીની પીડાને હરનાર છો. ભવભયથી રક્ષણ કરનારા છો.

[જિનવરનો ઉપદેશ જિનવર થવા માટે છે. :—

હે નાથ! આપને લીધે આત્માનું ભાન થયું છે માટે આપે બધું મેળવી આપેલ છે ને તેની વૃદ્ધિ થવામાં આપ જ કારણ છો માટે આપને જ હું મારા નાથ માનું છું. આપે સમ્યક્ ગુણો (નિર્મળ પર્યાય) પ્રગટ કર્યા છે, તેથી સજ્જનો દ્વારા સ્તુતિને યોગ્ય છો. હે નાથ! આપની સ્તુતિ કરવાવાળા પુરુષ આ જગતમાં આપના જેવા તીર્થંકર થશે. "તુલ્યાભવન્તિ" એમ કહીને આપના જેવા થવાના છીએ. આપના ગુણોનું ભાન વર્તે છે, તેથી આપની સ્તુતિ કરનાર આપના જેવા થાય છે.

પારસમણિ અરૂ સંતમેં બડો અંતરો જાણ,
એક લોહા કંચન કરે, એક કરે આપ સમાન॥

લોઢું પારસમણિનો સંગ કરે તો સોનું થાય છે; પણ પારસમણિ ન થાય; એટલે પારસમણિ અને પરમાત્મામાં મોટો ફેર છે. આપ તો ભવ્યોને ભગવાન કરો છો. આપના ગુણો પ્રગટ્યા, તેની વાસ્તવિક સ્તુતિ કરનાર શ્રદ્ધા અપેક્ષાએ હે નાથ! ભગવાન સમાન થયો જ છે અને ચારિત્ર અપેક્ષાએ અલ્પકાળમાં હું પણ આપના તુલ્ય થઈશ; એ મહાનપદ આપની કૃપાનું ફળ છે.

'એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો,
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તેહ સ્વરૂપ જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.'

પરમાત્મા સર્વજ્ઞપદને પામ્યા, હે નાથ! અમારે કેવળજ્ઞાનનો કાળ નથી, પણ આપની આજ્ઞા છે કે સ્વભાવમાં એકાગ્રતા થાય, તેને કેવળજ્ઞાન થયા વિના રહે નહીં. હે નાથ! આપને ભજીને અમે તમારા જેવા થવાના.

આપે આત્માના જ્ઞાનાનંદસ્વભાવનું ભાન અને શુદ્ધતાને પૂર્ણ કરી ધર્મ તીર્થની આદિ કરી છે, પરમાત્મપદને પામ્યા છો, એ પરમપદને જાણનારો હું પણ પરમાત્મા થવાનો છું. આ દ્રવ્ય જ પૂર્ણજ્ઞાનાનંદ શક્તિનો પિંડ છે. તેની રમણતામાં મનનમાં વૃદ્ધિ પામીને તારા જેવા તીર્થંકર થાશું અને પછી મોક્ષ જશું. આપની સ્તુતિ કરનારા આ પૃથ્વી ઉપર આપના તુલ્ય બનશે એ મોટી વાત નથી. આત્માના પરમપદ પાસે તીર્થંકરપદએ કંઈ આશ્ચર્યકારી અદ્‌ભુત વાત નથી. આ દૃઢતાની વાત છે, અતિરેક નથી. આપની સ્તુતિ કરનારા આપના જેવા થાય એ મોટી વાત નથી. સિદ્ધ ભગવાન સમાન શક્તિનો ભરોંસો કરનાર તમારા જેવા ન થાય તો શું હીણા રહે? ના, ભગવાન જ થાય.

## દે તે દેવ; જેની પાસે જે હોય તે દે

"સહકાર આગે શી માંગણી"...આંબા પાસે માંગણી ન હોય. આંબો ફળથી નમી પડેલો છે, ત્યાં ટીંચકા છોકરા પણ કેરી તોડી લ્યે; તેમ હે નાથ! તારા અનંત ચતુષ્ટયની સત્તાની શ્રદ્ધા અમારા હૃદયમાં આવી, એટલે અમો તારા જેવા થવાના જ, તેમાં મોટી વાત નથી. અભેદ સાધ્ય-સાધકનો અનુભવ થયો, પછી હું પરમાત્મા સમાન થવાનો; આમાં અતિરેક નથી, અવ્યાપ્તિ દૂષણ લાગે એવું નથી. પરમાત્મશક્તિની પ્રતીતિ આવી ને રુચિમાં પોષણ આવ્યું અને અંદર ભાવશ્રુતજ્ઞાનમાં યથાર્થ-

ભાવનું ભાસન થયું; તેને સાથે રાગ આવ્યો છે અને અમુક કાળે તીર્થંકર નામકર્મ પણ બંધાશે, એ અપેક્ષાએ આપ જેવા થશું. એક ગરીબ માણસ શેઠ પાસે જાય છે ને એક રૂપિયો માંગે છે; તેમાંથી વ્યાપાર કરતાં કરતાં કરોડપતિ થાય છે. સંસારમાં તો પુણ્ય વધી જતાં પહેલાંના શેઠ કરતાં પણ મૂડી વધી જાય છે અને શેઠને બંગલે બોલાવી જાય, પછી વિનયવાન કહે કે અન્નદાતા હીરા-માણેકવાળા મહેલ તમારા છે. તમોએ જ મને આ બધું આપેલ તેનું આ ફળ છે. તમારી પાસેથી મેં એક રૂપિયો લીધેલ તેમાંથી વધતાં વધતાં આ કરોડો રૂપિયા આપના જ પ્રતાપથી થયા છે. આ તો લૌકિક દૃષ્ટાંત છે. તેમ હે નાથ! તમોને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ, સેવકને આપના જેવા ન કરો તો બીજો કરે કોણ? પુણ્ય વડે નોકર શેઠ જેવો થાય છે, તેમ અંતરની પવિત્રતા વડે આપના ભક્તો આપના જેવા થઈ જાય છે. [ ક્રમશઃ ]

—*—

[ અધ્યાત્મ-પ્રકાશનો પૃષ્ઠ ૨૬થી ચાલુ ]

## 卐 ફોટા તથા અન્ય 卐

* લેમીનેશનવાળા ફોટા

| | | |
|---|---|---|
| સાઇઝ | ૧૬×૨૦ | ૩૫૦–૦૦ |
| ગુરુદેવના | | ૩૦૦–૦૦ |
| | ૧૬×૨૧ | ૨૮૦–૦૦ |
| | ૧૨×૧૫ | ૧૫૦–૦૦ |
| | ૧૨×૧૦ | ૧૧૦–૦૦ |

* માઉન્ટવાળા ફોટા

| | |
|---|---|
| ૧૪×૧૬ મોટી સાઇઝ (×) કલર | ૨૧–૦૦ |
| ૧૪×૧૬ મોટી સાઇઝ (×) બ્લેક | ૧૨–૦૦ |
| ૧૦"×૧૨" મીડીયમ સાઇઝ (×) બ્લેક | ૭–૦૦ |

| | |
|---|---|
| (માઉન્ટ વગરના) કલર ફોટા | ૧૦–૦૦ |
| (પોસ્ટકાર્ડ સાઇઝ) કલર ફોટા | ૬–૦૦ |
| (પાસપોર્ટ સાઇઝ) ફોટા | ૧–૦૦ |
| એલ્યુ. ફ્રેમવાળા ફોટા | ૧૦–૦૦ |
| નિત્યદર્શન | ૪–૦૦ |
| તીર્થધામ સોનગઢ (કેલેન્ડર) | ૭–૦૦ |
| ગુરુદેવ જીવન દર્શન ,, | ૧૫–૦૦ |
| તારીખવાળું કેલેન્ડર | ૫૫–૦૦ |
| ,, (નાની સાઇઝ) | ૧૫–૦૦ |
| સ્ટીકર | ૧–૦૦ |
| મેગ્નેટ | ૨–૫૦ |
| ટાઇલ્સ (ગુરુદેવશ્રીનાં ચરણ ચિહ્ન) | ૧૦–૦૦ |
| ,, (ગુરુદેવશ્રીનાં ફોટા) | ૭–૦૦ |

—*—

# ✻ આધ્યાત્મિક–પ્રકાશન ✻

## અ–મૂળ શાસ્ત્ર

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી સમયસાર | ૧૫-૦૦ |
| ,, પ્રવચનસાર | ૧૫-૦૦ |
| ,, નિયમસાર | ૯-૦૦ |
| ,, પંચાસ્તિકાયસંગ્રહ | ૯-૦૦ |
| ,, पंचास्तिकायसंग्रह | २०-०० |
| ,, પરમાત્મપ્રકાશ | ૧૧-૨૫ |
| ,, યોગસારપ્રાભૃત | ૮-૨૫ |
| ,, આત્માનુશાસન | ૧૦-૦૦ |
| ,, પદ્મનંદી પંચવિંશતિ | પ્રેસમાં |
| ,, स्वामीकार्तिकेयानुप्रक्षा | ६-५० |
| ,, ઇષ્ટોપદેશ | ૭-૦૦ |
| ,, સમાધિતંત્ર | ૫-૫૦ |
| ,, पुरुषार्थसिद्धि-उपाय | ५-०० |
| ,, પુરુષાર્થ સિદ્ધિ-ઉપાય | ૫-૦૦ |
| ,, દ્રવ્યસંગ્રહ | ૧-૫૦ |
| ,, द्रव्यसंग्रह | २-०० |
| ,, સમયસાર-કળશ | ૭-૦૦ |
| ,, નાટક સમયસાર | ૧૦-૦૦ |
| ,, नाटक समयसार | ७-०० |
| ,, પંચાધ્યાયી | ૪૦-૦૦ |
| ,, તત્ત્વજ્ઞાનતરંગિણી | ૪-૦૦ |
| ,, तत्त्वज्ञानतरंगिणी | ७-०० |
| ,, ચિદ્‌વિલાસ | ૧-૭૫ |
| ,, चिद्‌विलास | ५-०० |
| ,, અનુભવપ્રકાશ | ૨-૦૦ |
| ,, સત્તાસ્વરૂપ | ૨-૫૦ |
| ,, सत्तास्वरूप | २-५० |

| શાસ્ત્રનું નામ | કિં |
|---|---|
| શ્રી आत्म-अवलोकन | ૪-૦ |
| ,, મોક્ષમાર્ગપ્રકાશક | ૧૪-૦ |
| ,, मोक्षमार्ग प्रकाशक | १०-० |
| ,, છહઢાળા | ૩-૦ |
| ,, छहढाला | ३-५ |
| ,, ગુરુદેવશ્રીના વચનામૃત | ૪-૦ |
| ,, બહેનશ્રીનાં વચનામૃત | ૩-૦૦ |
| ,, बहिनश्रीके वचनामृत | १०-०० |
| ,, રત્નકરણ્ડ શ્રાવકાચાર | ૧૨-૦૦ |
| ,, દ્વાદશ અનુપ્રેક્ષા | ૨-૦૦ |
| ,, બહેનશ્રીચે વચનામૃત (મરાઠી) | ૩-૦૦ |
| ,, દ્રવ્યદૃષ્ટિપ્રકાશ | ૪-૫૦ |
| ,, द्रव्यद्रष्टिप्रकाश | ११-०० |
| ,, પંચસ્તોત્ર સંગ્રહ | ૩-૦૦ |
| ,, સમંતભદ્રસ્તોત્ર-ત્રયી | ૩-૦૦ |
| ,, જૈન સિદ્ધાંત પ્રવેશિકા ( 5 અધ્યાયવાળી ) | ૩-૦૦ |
| ,, जैन सिद्धांत प्रवेशिका ( 5 અધ્યાયવાળી ) | ૩-૦૦ |

## બ–પ્રવચન સાહિત્ય

| | |
|---|---|
| શ્રી પ્રવચન રત્નાકર ભાગ-૨ | ૫-૦૦ |
| ,, ,, ,, ભાગ-૩ | ૬-૦૦ |
| ,, ,, ,, ભાગ-૪ | ૭-૫૦ |
| ,, ,, ,, ભાગ-૫ | ૮-૦૦ |
| ,, ,, ,, ભાગ-૬ | ૭-૦૦ |
| ,, ,, ,, ભાગ-૭ | ૮-૦૦ |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી પ્રવચન રત્નાકર ભાગ-૮ | ૧૦-૦૦ |
| ,, ,, ,, ભાગ-૯ | ૧૦-૦૦ |
| ,, ,, ,, ભાગ-૧૦ | ૧૨-૦૦ |
| ,, ,, ,, ભાગ-૧૧ | ૧૪-૦૦ |
| ,, સમયસાર પ્રવચન ભાગ-૧/૨ | ૧૫-૦૦ |
| ,, ,, ,, ભાગ-૩ | ૧૫-૦૦ |
| ,, ,, ,, ભાગ-૫ | ૧૫-૦૦ |
| ,, समयसार प्रवचन भाग-२ | ७-०० |
| ,, ,, ,, भाग-३ | ७-०० |
| ,, ,, ,, भाग-४ | ८-०० |
| ,, 'હું' પરમાત્મા' (યોગસાર ઉપર પ્રવચનો) | ૮-૦૦ |
| ,, ઇષ્ટોપદેશ પ્રવચન | ૯-૦૦ |
| ,, આત્મભાવના (સમાધિતંત્ર પર પ્રવચનો) | ૫-૦૦ |
| ,, પરમાગમસાર | ૧૧-૨૫ |
| ,, परमागमसार | ११-२५ |
| ,, વચનામૃત-પ્રવચન ભાગ-૧ | ૧૨-૦૦ |
| ,, ,, ,, ભાગ-૩ | ૧૨-૦૦ |
| ,, ,, ,, ભાગ-૪ | ૧૨-૦૦ |
| ,, આત્મસિદ્ધિ શાસ્ત્ર પર પ્રવચનો | ૮-૦૦ |
| ,, અનુભવપ્રકાશ પ્રવચન | ૭-૦૦ |
| ,, શ્રાવકધર્મપ્રકાશ | ૫-૦૦ |
| ,, પ્રવચન પીયૂષ | ૮-૦૦ |
| ,, મૂળમાં ભૂલ | ૪-૦૦ |
| ,, અધ્યાત્મસંદેશ | ૫-૫૦ |
| ,, ધર્મની ક્રિયા | ૫-૦૦ |
| ,, વસ્તુવિજ્ઞાનસાર | ૬-૦૦ |
| ,, વીતરાગ-વિજ્ઞાન (છ ઢાળા પ્રવચન) ભાગ-૧ | ૧-૨૫ |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી વીતરાગ-વિજ્ઞાન (છ ઢાળા પ્રવચન) ભાગ-૨ | ૧-૫૦ |
| ,, વીતરાગ-વિજ્ઞાન (છ ઢાળા પ્રવચન) ભાગ-૪ | ૨-૨૫ |
| ,, वीतराग-विज्ञान (छ ढाला प्रवचन) भाग-१ | २-७५ |
| ,, वीतराग-विज्ञान (छ ढाला प्रवचन) भाग-२ | १-७५ |
| ,, वीतराग-विज्ञान (छ ढाला प्रवचन) भाग-३ | ३-०० |
| ,, अष्ट-प्रवचन भाग-२ | १-५० |
| ,, ધન્યાવતાર | ૨-૦૦ |
| ,, धन्यावतार | २-०० |

## ક-પૂજા-ભક્તિ-સ્વાધ્યાય

| | |
|---|---|
| શ્રી જિનેન્દ્ર પૂજાસંગ્રહ | ૧૦-૦૦ |
| ,, જિનેન્દ્ર પૂજાપલ્લવ | ૨-૦૦ |
| ,, જિનેન્દ્ર પૂજા પ્રસાદ ને સ્વાધ્યાય સુધા | ૫-૦૦ |
| ,, दशलक्षण विधानपूजा | ३-०० |
| ,, विधान-पूजा संग्रह | ८-०० |
| ,, सिद्धचक्र विधान पूजा | १०-०० |
| ,, નંદીશ્વરભજન-પૂજન સંગ્રહ | ૩-૦૦ |
| ,, જિનેન્દ્ર ભજનમાળા | ૨-૦૦ |
| ,, સમવસરણ સ્તુતિ | ૧-૦૦ |
| ,, ગુરુ-સ્તુતિ આદિ સંગ્રહ | ૩-૦૦ |
| ,, અષ્ટ પ્રાભૃત (હરિગીત) | ૧-૦૦ |
| ,, શાસ્ત્ર-સ્વાધ્યાય | ૫-૦૦ |
| ,, નિયમસાર (ગુટકો) | ૦-૫૦ |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી समाधितन्त्र (गुटको) | ०-५५ |
| ,, अमृतकुम्भ | ४-०० |
| ,, पञ्चमेरुनन्दीश्वर विधान पूजा | ५-०० |
| **ડ—અન્ય** | |
| ,, પૂજ્ય બહેનશ્રી ચંપાબેન અભિનંદન ગ્રંથ | ૨૫-૦૦ |
| ,, આત્મધર્મ જન્મ શતાબ્દિ વિશેષાંક | ૧૦-૦૦ |
| ,, आत्मधर्म जन्म शताब्दि विशेषांक | १०-०० |
| ,, પૂજ્ય બહેનશ્રીની સાધના અને વાણી | ૫-૦૦ |
| ,, જિનશાસનસવ્વં | ૮-૦૦ |
| ,, जिणसासणसव्वं | ८-०० |
| ,, તત્ત્વાનુશીલન | ૨-૦૦ |
| ,, પ્રયોજનસિદ્ધિ | ૧-૦૦ |
| ,, સોગાનીજીનાં આધ્યાત્મિક પત્રો | ૨-૦૦ |
| ,, જ્ઞાનામૃત | ૨-૦૦ |
| ,, ज्ञानामृत | २-०० |
| ,, અધ્યાત્મ પરાગ | ૩-૦૦ |
| ,, નિર્ભ્રાંતદર્શનની કેડીએ | ૨-૦૦ |
| ,, दंसणमूलो धम्मो | १-०० |
| ,, બીજું કાંઈ શોધમાં | ૩-૦૦ |
| ,, दूसरा कुछ न खोज | ३-०० |
| ,, ભગવાન આત્મા | ૩-૦૦ |
| ,, विधिविज्ञान | ३-०० |
| ,, પ્રતિક્રમણ | ૨-૦૦ |
| ,, जैनतत्त्वमीमांसा | ६-०० |

| શાસ્ત્રનું નામ | કિંમત |
|---|---|
| શ્રી जैन सिद्धांत प्रश्नोत्तरमाला भाग-२ | १-५० |
| ,, जैन सिद्धांत प्रश्नोत्तरमाला भाग-३ | १-५० |
| ,, શોર્ટ રીડર (અંગ્રેજી) | ૦-૭૫ |
| ,, જૈન બાળપોથી ભાગ-૧ | ૧-૫૦ |
| ,, જૈન બાળપોથી ભાગ-૨ | ૨-૦૦ |
| ,, जैन बालपोथी भाग-१ | १-५० |
| ,, જૈન પ્રાયમર (અંગ્રેજી) | ૫-૦૦ |
| ,, મહારાણી ચેલણા | ૧-૦૦ |
| ,, ભગવાન પારસનાથ | ૧-૨૫ |
| ,, જંબૂસ્વામી ચરિત્ર | ૨-૦૦ |
| ,, અધ્યાત્મ યુગપુરુષ શ્રી કાનજીસ્વામી | ૨-૦૦ |
| ,, अध्यात्म युगपुरुष श्री कानजीस्वामी | २-०० |
| ,, અધ્યાત્મદ્રષ્ટા | ૫-૦૦ |
| ,, બહેનશ્રીની જીવન ઝરમર | ૧-૦૦ |
| ,, અહિંસા પરમો ધર્મ | ૦-૫૦ |
| ,, अहिंसा परमो धर्म | ०-५० |
| ,, આરાધના | ૦-૨૦ |
| ,, પરમાગમ મહોત્સવ પત્રિકા | ૧-૨૫ |
| ,, પરિચય પુસ્તિકા | ૧-૦૦ |
| ,, परिचय पुस्तिका | १-०० |
| ,, પરિચય પુસ્તિકા અંગ્રેજી | ૧-૦૦ |
| ,, 'પરમ પૂજ્ય શ્રી કાનજીસ્વામીનાં જીવન તેનાં સંદેશ' (અંગ્રેજી) | ૨-૨૫ |
| ,, ધન્યકુમાર ચરિત્ર | ૩-૦૦ |
| ,, પથ-પ્રકાશ | ૩-૦૦ |

[ અનુસંધાન માટે જુઓ પૃષ્ઠ-૨૩ ]

(તા. ૧૦-૧-૯૧)

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

આપણા પરમોપકારી સ્વાનુભવપ્રધાન અધ્યાત્મબોધદાતા પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ધર્મવૃદ્ધિકારી પ્રભાવથી તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ–અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં આપણા આદરણીય પંડિતજી શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના જ્ઞાન–વૈરાગ્ય–ભક્તિભીના માર્ગદર્શનમાં ધર્મ-પ્રભાવનાના અંગરૂપ બધી ધાર્મિક ગતિવિધિ પૂર્વવત્ નિયમિત ચાલી રહી છે. પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો–ટેપ, જિનેન્દ્રદર્શન–પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનું પરમાગમ શ્રી સમયસાર પર (૧૯૬૧નું) ટેપ–પ્રવચન, પુરુષો માટે પંચાસ્તિકાયસંગ્રહ પર ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે શ્રી નિયમસાર શાસ્ત્ર પર શાસ્ત્રવાંચન, સ્વાધ્યાયમંદિરમાં પૂજ્ય બહેનશ્રીના વિશાળ ભવ્ય ચિત્રપટ સમક્ષ સ્તુતિ, જિનેન્દ્રભક્તિ અને સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર–નાટક પર ટેપ પ્રવચન—ઇત્યાદિ કાર્યક્રમ નિયમિત ચાલી રહ્યો છે. પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચા સાંભળીને અનેક સમાગત મુમુક્ષુ મહેમાન અનુભવવાણીનો સાક્ષાત્ લાભ મળવા જેવો અનુભવ કરતાં અત્યંત પ્રમોદ વ્યક્ત કરે છે.

* પોષ વદ ૧૪, સોમવાર, તા. ૧૪–૧–૯૧ના રોજ પરમ પૂજ્ય શ્રી આદિનાથ ભગવાનના વિશાળ વીતરાગ ભાવવાહી મનોજ્ઞ જિનબિંબ સમક્ષ નંદીશ્વર જિનાલયમાં "શ્રી ઋષભનિર્વાણ"નો વાર્ષિક પર્વ વિશેષ પૂજાભક્તિપૂર્વક ઉજવવામાં આવ્યો.

* સંસ્થા દ્વારા જે પુસ્તકોનું નવું પ્રકાશન થાય તેમાં ૩૦ ટકા કિંમત ઘટાડવા માટે શ્રી ભગવાનજીભાઈ કચરાભાઈ પરિવાર (લંડન) તરફથી રૂા. ૩ લાખ જાહેર કરવામાં આવ્યા છે.

* ધાર્મિક શિક્ષણ વર્ગ :— નાતાલના વેકેશનમાં તા. ૨૩–૧૨–૯૦ થી તા. ૧–૧–૯૧ દસ દિવસ રાખવામાં આવેલ અધ્યાત્મતત્ત્વપ્રધાન ધાર્મિક શિક્ષણવર્ગ સાનંદ સમ્પન્ન થયો. ઉત્તમ અને મધ્યમ — બે વર્ગ રાખવામાં આવ્યા હતા. સર્વશ્રી પ્રાણભાઈ કામદાર, શશીકાંતભાઈ શેઠ અને બ્ર. ચંદુભાઈ ઝોબાલિયાએ ઉત્તમ વર્ગમાં શિક્ષણ આપ્યું હતું તથા બ્ર. શ્રી વ્રજલાલભાઈ શાહે મધ્યમવર્ગમાં શિક્ષણ આપ્યું હતું. બે વખતના પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપ-પ્રવચનો ઉપરાંત બપોરે બ્ર. ચંદુભાઈ ઝોબાલિયાએ તથા રાત્રિના સર્વશ્રી

પ્રાણભાઈ કામદાર, શ્રી ચીમનભાઈ મોદી, શ્રી શશીકાંતભાઈ શેઠ તેમ જ શ્રી દેવજીભાઈ પટેલે શાસ્ત્રવાંચન કર્યું હતું.

* ધાર્મિક શિક્ષણવર્ગના આ અવસરે તા. ૩૧-૧૨-૯૦ના રોજ નાઈરોબી નિવાસી શ્રી કિરણભાઈ હરખચંદ શાહ તરફથી આપણા આદરણીય પંડિતજી શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના મંગલમય તત્ત્વાવધાનમાં પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મભૂમિ ઉમરાળાની પાવન-યાત્રાનું આનંદપ્રદ આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર મુમુક્ષુમંડળ, ધાર્મિક શિક્ષણવર્ગના શિક્ષણાર્થીઓ તેમ જ મહેમાનોએ આ મંગલયાત્રાનો લાભ લીધો હતો. ગુરુજન્મધામ ઉમરાળામાં આદરણીય પંડિતજી દ્વારા કરાવવામાં આવેલી જિનેન્દ્રપૂજા, ગુરુભક્તિ તેમ જ તેઓશ્રી દ્વારા સંક્ષેપમાં કહેવામાં આવેલી પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપકાર-મહિમા તેમ જ ગુરુજન્મધામના સંક્ષિપ્ત પરિચયથી સમસ્ત યાત્રીઓને અત્યંત આનંદ અનુભૂત થયો હતો.

* નાઈરોબીનિવાસી શ્રી કિરણભાઈ હરખચંદભાઈ શાહ તરફથી

રૂા. ૧૦,૦૦૩/- સંસ્થાના શાસ્ત્ર-પ્રકાશન આદિ વિભિન્ન ખાતાઓમાં,

રૂા. ૧૦,૦૦૦/- પૂજ્ય કહાન-ગુરુ-જન્મધામની સસંઘયાત્રા તેમ જ વાત્સલ્ય-ભોજનના તથા

રૂા. ૨૦૦૧/- ઉમરાળા જિનમંદિરમાં;—એ રીતે કુલ રૂા. ૨૨,૦૦૪/- જાહેર કરવામાં આવ્યા હતા.

—*—

## વૈરાગ્ય સમાચાર :—

* મોરબીનિવાસી (હાલ-મલાડ) સ્વ. ઉત્તમચંદ નિમચંદ મહેતા (કરાંચીવાળા) ના ધર્મપત્ની શ્રી દિવાળીબેન (વર્ષ-૭૮) તા. ૨૬-૧૦-૯૦ના રોજ મોરબી મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* વાંકીયાનિવાસી (હાલ-અમદાવાદ) શ્રી મણીલાલ ઉજમશી ખારા (વર્ષ-૮૭) તા. ૩૦-૧૧-૯૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બોટાદનિવાસી શ્રી ગં. સ્વ. કંચનબેન મનસુખલાલ કામદાર (વર્ષ-૮૭) તા. ૨૮-૧૨-૯૦ના રોજ વડોદરા મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરતનિવાસી શ્રી રંભાબેન નંદલાલ ધોળકીયા (વર્ષ-૭૨) તા. ૨-૧-૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓને વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અત્યંત શ્રદ્ધા ભક્તિ હતા. પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે પ્રાપ્ત આત્મ-સંસ્કારો વીતરાગ શરણમાં શીઘ્ર વૃદ્ધિ પામો એ જ ભાવના.

—*—

પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની ઉપકાર-સ્મૃતિમાં

# 卐 તત્ત્વશ્રવણ-પ્રોત્સાહન-યોજના 卐

પરમોપકારી અધ્યાત્મયુગપ્રણેતા પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં તત્ત્વાભ્યાસના પ્રયોજનથી આવનારા મુમુક્ષુઓ માટે, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપકાર-સ્મૃતિમાં, 'તત્ત્વશ્રવણ-પ્રોત્સાહન-યોજના' શરૂ કરવામાં આવી છે જેના નિયમો નીચે પ્રમાણે છે.

૧. આ યોજનાનો લાભ લેનારા મુમુક્ષુઓના આતિથ્ય માટે ઓછામાં ઓછા બે દિવસ અને વધુમાં વધુ ત્રણ દિવસ માટે આવાસ તથા બન્ને ટાઈમના ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

૨. બે અથવા ત્રણ દિવસ તત્ત્વશ્રવણ આદિ કાર્યક્રમનો પૂરો લાભ લેનારા મુમુક્ષુઓ માટે જ આ યોજના છે.

૩. આ યોજના-અંતર્ગત તત્ત્વશ્રવણાદિ માટે આવનારા મુમુક્ષુઓએ સુવર્ણપુરી-તીર્થધામમાં ચાલી રહેલાં બધા ધાર્મિક કાર્યક્રમોમાં—પ્રાતઃ શ્રી જિનેન્દ્રપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું સવાર-સાંજ બે વખત ટેપ-પ્રવચન, બપોરનું શાસ્ત્રવાંચન, શ્રી જિનેન્દ્ર-ભક્તિ આદિ બધી ધાર્મિક પ્રવૃત્તિમાં — પૂરો સમય ઉપસ્થિત રહેવું અનિવાર્ય આવશ્યક છે.

૪. સમાગત મુમુક્ષુઓએ વ્યક્તિદીઠ રૂા. ૫૦–૦૦ ડિપોઝીટના રૂપમાં જમા કરાવવાના રહેશે જે, નિયમોનું પાલન કરનારા મુમુક્ષુઓને પાછા આપવામાં આવશે.

પ્રયોજક :—

શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,

સોનગઢ–૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

# 卐 ચૈતન્યતત્ત્વ ઉપર દૃષ્ટિ કર 卐

ઊંચામાં ઊંચા શુભભાવ આવે ખરા; પણ તે તારી જાતના નથી, વિભાવની જાતના છે; તું તેને તારાથી જુદા જાણ, આત્મા જ્ઞાનસ્વરૂપ છે, દર્શનસ્વરૂપ છે, ચારિત્રસ્વરૂપ છે—એવા વિકલ્પના ભેદ પડે તે શુભભાવ છે, પણ તે વચ્ચે આવ્યા વિના રહેતા નથી. તું તારી શ્રદ્ધા જુદી કર—'હું તો એક, અનંત સ્વભાવથી ભરેલું, ચૈતન્યતત્ત્વ છું' એમ એક અભેદ તત્ત્વ ઉપર દૃષ્ટિ કર; પછી તે તત્ત્વમાંથી જે પ્રગટશે તે અનંતુ પ્રગટશે, કે જેમાં અનંત શક્તિ—જ્ઞાન, દર્શન, આનંદ આદિની અનંતતા—ભરેલી છે; અનંત કાળ જ્ઞાનરૂપે, આનંદરૂપે પર્યાય પરિણમે તોપણ કોઈ દિવસ ખૂટે જ નહિ—એવી અંદર આત્મામાં અનહદ શક્તિ ભરેલી છે.

—પૂજ્ય બહેનશ્રી

**If undelivered please return to :-**
**Shri Dig. Jain Swadhyay Mandir Trust**
**SONGADH-364 250 ( INDIA )**

Licence No. 21 'Licensed to post without prepayment'

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/- પ્રત : ૩૨૦૦

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ